# સમય સંદેશ

સમય તમારો, સંદેશ અમારો...

જેઠ વદ - ૦૪ ■ તંત્રી : અશોક એલ.રાઠોડ ■ સહ તંત્રી : રાજેશ એ.રાઠોડ

સમગ્ર ગુજરાતમાં વિશાળ વાંચક વર્ગ ધરાવતું જામનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક અખબાર

વર્ષઃ ૧૧ ● અંકઃ ૨૧૪ ● તારીખઃ ૦૪.૦૭.૨૦૨૬, શનિવાર ● પાનાઃ૪ ● કિંમત રૂા. ૨.૫૦ ● SAMAY SANDESH DAILY MORNING NEWS PAPER ● POSTING: JAMNAGAR STG

E-MAIL: samaysandeshnewstv@gmail.com ● RNI NO. GUJ GUJ/2015/64531 ● POSTAL REGISTERED NUMBER GJN-228 ● OFFICE MOB. NO. 8866066060



સમય સંદેશ

પ્રોપટી લે-વેચ, પ્રોડકટ, રોજગાર, જાહેર નોટીસ,વકીલ નોટીસ, પ્રેસનોટ, નામ ચેન્જ જેવી દરેક પ્રકારની જાહેરાત આપવા માટે

**સમય સંદેશ કાર્યાલય**

૫૩૬-પાંચમો માળ, ઈન્દ્રપ્રસ્થ, પંચેશ્વર ટાવર રોડ, જામનગર-૩૬૧૦૦૧

મો.૮૮૬૬૦૬૬૦૬૦


**આજનો સુવિચાર**

બધુ ઉછીનું હોય તો ચાલે પણ, અનુભવ તો પોતાનો જ હોવો જોઈએ હો!

# આતંકી ષડયંત્રનો પર્દાફાશઃ ગુજરાત અને મધ્ય પ્રદેશમાંથી જૈશ-એ-મોહમ્મદના ૮ આતંકીઓ ઝડપાયા

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાત આતંકવાદ વિરોધી દળ (ATS) દ્વારા દેશની આંતરિક સુરક્ષાને પ્રભાવિત કરવાના એક ખૂબ જ મોટા આતંકી ષડયંત્રનો પર્દાફાશ કરવામાં આવ્યો છે. ગુજરાત ATSની ટીમે સ્થાનિક પોલીસની મદદથી એક સંયુક્ત મેગા ઓપરેશન હાથ ધરીને ગુજરાત અને મધ્ય પ્રદેશના વિવિધ જિલ્લાઓમાંથી પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ (JeM) સાથે સંકળાયેલા ૮ સક્રિય આતંકીઓની ધરપકડ કરી છે. આ હાઇ-પ્રોફાઇલ ઓપરેશન બાદ બંને રાજ્યોમાં સુરક્ષા વ્યવસ્થાને અત્યંત સઘન બનાવી દેવામાં આવી છે.

અહેવાલો અનુસાર, પકડાયેલા તમામ આરોપીઓ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિબંધિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદના સક્રિય સભ્યો છે અને લાંબા સમયથી સંગઠન વતી ગુપ્ત રીતે કામ કરી રહ્યા હતા. તેઓ વિદેશી આતંકવાદી સંગઠનના સતત સંપર્કમાં રહીને ગુજરાત રાજ્યમાં સંગઠનના નેટવર્કને મજબૂત કરવા તેમજ આતંકવાદી પ્રવૃત્તિઓ અને દેશવિરોધી કૃત્યોને આગળ ધપાવવા માટે સક્રિય ભૂમિકા ભજવી રહ્યા હતા.

ધરપકડ કરાયેલા આતંકીઓમાં ૧૯ વર્ષીય અહેમદ અબ્દુલ્લા ગાજીવાલા (રહે. ભાગળ, પાલનપુર, બનાસકાંઠા), 30 વર્ષીય ઈબ્રાહીમ મોહમ્મદ હુસેન ઘાઘા (રહે. ભાગળ, પાલનપુર, બનાસકાંઠા), ૨૨ વર્ષીય મુદસ્સીર અબ્દુલ્લા ગાઝીવાલા (રહે. ભાગળ, પાલનપુર, બનાસકાંઠા), ૨૧ વર્ષીય ઝકરિયા દુરાની મોહમ્મદ અમ્મર ઘાઘા (રહે. ખાડિયાસણી, સિદ્ધપુર, પાટણ), ૪૦ વર્ષીય મુફ્તી ફૌજાન ઈસ્માઈલ દાઉવા (રહે. ખાડિયાસણી, સિદ્ધપુર,




પાટણ), ૨૧ વર્ષીય મોહમ્મદ અમીન શેરા(રહે. ખાડિયાસણી, સિદ્ધપુર, પાટણ), ૨૨ વર્ષીય મોહમ્મદ અબ્દુલ રહેમાન સાવદી (રહે. અંભેટા, ચીખલી, નવસારી) અને ૧૮ વર્ષીય બિલાલ દુરાની મોહમ્મદ અમ્મર ઘાઘા (રહે. વારસી નગર, દેવાસ, મધ્ય પ્રદેશ)નો સમાવેશ છે.

ગુજરાત એટીએસની ટીમને આ આતંકી મોડ્યુલ અંગે ચોક્કસ ટેકનિકલ અને હ્યુમન ઇન્ટેલિજન્સ આધારે બાતમી મળી હતી. જેના પગલે ઉચ્ચ અધિકારીઓ દ્વારા તાત્કાલિક અલગ-અલગ ૫ વિશેષ ટીમોની રચના કરવામાં આવી હતી. ટેકનિકલ સર્વેલન્સ ગોઠવીને ગુજરાતના બનાસકાંઠા, મહેસાણા, નવસારી અને પાટણ તેમજ મધ્યપ્રદેશના દેવાસ જિલ્લામાં સ્થાનિક પોલીસની મદદથી શંકાસ્પદ ઠેકાણાઓ પર એકસાથે દરોડા પાડવામાં આવ્યા હતા. આ સફળ ઓપરેશન દરમિયાન તમામ ૮ આરોપીઓ ઝડપાઈ ગયા હતા, જેમને પૂછપરછ માટે અઝજ કચેરી ખાતે લાવવામાં આવ્યા છે અને હવે કોર્ટમાં રજૂ કરીને તેમના રિમાન્ડ મેળવવાની તજવીજ હાથ ધરાશે.

પૂછપરછ દરમિયાન સામે આવેલા પ્રાથમિક તથ્યો ખૂબ જ ગંભીર છે. પકડાયેલા આરોપીઓએ ગુજરાતમાં આતંકી પ્રવૃત્તિઓ ચલાવવા માટે 'દારૂલ ઇસ્લામ ગુજરાત જૈશ-એ-મોહમ્મદ' નામનું એક ચોક્કસ ગ્રુપ બનાવ્યું હતું. આ શખ્સો પાકિસ્તાની હેન્ડલર અબ્દુલ્લાહ અને મોહમ્મદ ઉમરના સીધા સંપર્કમાં રહીને ગુજરાતમાં મોટા આતંકવાદી કૃત્યો પાર પાડવાનું

અનુ પાના નં.૨ પર

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુજરાત અને રાજસ્થાનની મુલાકાતે

## ૧.૦૬ લાખ કરોડના મેગા પ્રોજેક્ટ્સની આપશે ભેટ, સાણંદમાં દેશના પ્રથમ સેમિકન્ડક્ટર પ્લાન્ટનું ઉદઘાટન

**સમય સંદેશઃ નવીદિલ્હી**

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી આજે શનિવાર, ૪ જુલાઈના રોજ રાજસ્થાન અને ગુજરાત રાજ્યની મહત્વપૂર્ણ એક દિવસીય મુલાકાતે છે. વડાપ્રધાન તેમના પ્રવાસના પ્રથમ ચરણમાં રાજસ્થાનના જોધપુર ખાતે સવારે ૧૦:૪૫ વાગ્યે ૨૮,૮૪૦ કરોડ રૂપિયાની 'મોડિફાઇડ ઉડાન યોજના' લોન્ચ કરશે અને ૪૮૦ કરોડના ખર્ચે બનેલા નવા એરપોર્ટ ટર્મિનલનું ઉદઘાટન કરશે.

ત્યારબાદ બપોરે ૧૨:૧૫ વાગ્યે તેઓ બાલોતરાના પચપદરા



પહોંચશે, જ્યાં ૭૯,૪૫૦ કરોડ રૂપિયાથી વધુના રોકાણ સાથે બનેલી દેશની પ્રથમ ગ્રીનફિલ્ડ ઇન્ટિગ્રેટેડ રિફાઇનરી-કમ-પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ રાષ્ટ્રને સમર્પિત કરશે. આ સાથે વડાપ્રધાન ૧૩,૦૦૦ કરોડના જયપુર મેટ્રો ફેઝ-૨ નો શિલાન્યાસ કરશે અને વિવિધ વિભાગોમાં ભરતી થયેલા ૫૪,૦૦૦ યુવાનોને નિમણૂક પત્રો એનાયત કરશે.

રાજસ્થાનના કાર્યક્રમો પૂર્ણ કર્યા બાદ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી સાંજે આશરે ૪:૩૦ વાગ્યે ગુજરાતના અમદાવાદ સ્થિત સાણંદ ખાતે આવી પહોંચશે. વડાપ્રધાન અહીં ઇન્ડિયા સેમિકન્ડક્ટર મિશન હેઠળ ૭,૫૦૦ કરોડ રૂપિયાથી વધુના કુલ રોકાણ સાથે સ્થાપિત 'CG Semi' આઉટસોર્સ્ડ સેમિકન્ડક્ટર એસેમ્બલી એન્ડ ટેસ્ટ ફેસિલિટીનું ઉદઘાટન કરશે, જ્યાંથી હવે વ્યવસાયિક ઉત્પાદન શરૂ થઈ રહ્યું છે. આ પ્લાન્ટ સંપૂર્ણ કાર્યરત થતાં વાર્ષિક ૫ અબજ (૫ બિલિયન) સેમિકન્ડક્ટર ચિપ્સનું ઉત્પાદન કરવાની પ્રચંડ ક્ષમતા ધરાવે છે, જે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), ઓટોમોટિવ, 5G અને ટેલિકોમ્યુનિકેશન ક્ષેત્રો માટે મેમરી અને સ્ટોરેજ સોલ્યુશન્સ પૂરા પાડશે. આ પ્રવાસ દરમિયાન વડાપ્રધાન બંને રાજ્યોમાં પેટ્રોકેમિકલ્સ, અર્બન ટ્રાન્સપોર્ટ,

અનુ પાના નં.૨ પર

# '૫-૫ મહિનાથી આદેશ કરીએ છીએ છતાં પાલન કેમ નથી થતું?' ઈકો સેન્સિટિવ ઝોન મુદ્દે હાઈકોર્ટમાં સરકારનો ઉધડો!

**સમય સંદેશઃ ગાંધીનગર**

કચ્છના નડાબેટ તેમજ નળ સરોવર અને થોળ જેવા ઇકો-સેન્સિટિવ ઝોનમાં પ્લાસ્ટિક વેસ્ટના કારણે વિદેશી પક્ષીઓ આવતા બંધ થઈ ગયા હોવા અંગે કરવામાં આવેલી જાહેર હિતની અરજીની સુનાવણી વખતે ગઈકાલે ગુજરાત હાઇકોર્ટે રાજ્ય સરકારના વલણની આકરી ટીકા કરી હતી. હાઇકોર્ટે સરકારને આકરા શબ્દોમાં કહ્યું કે, 'છેલ્લા પાંચ-પાંચ મહિનાથી કોર્ટ આદેશ કરે છે તેમ છતાં તમે કોર્ટના આદેશનું પાલન કરતા નથી. છેલ્લા છ મહિનાથી માત્ર જવાબ રજૂ કરવા માટે સમય જ માગવામાં આવી રહ્યો છે.'

આ દરમિયાન હાઇકોર્ટે કડક વલણ અપનાવતા ઉમેર્યું કે, 'સરકારી વિભાગો માત્ર એક-બીજા પર જવાબદારી ઢોળી રહ્યા છે. તમને શું તકલીફ છે તે જાણવામાં કોર્ટને કોઈ રસ નથી. કોર્ટના નિર્દેશોનું પાલન કેમ નથી કરાયું, તેનો સીધો જવાબ આપો. કોર્ટ ૫ મહિના સુધી વિનંતી કરે ત્યારે માંડ સરકાર સોગંદનામું કરે છે અને તેમાં પણ પ્લાસ્ટિક પ્રદૂષણ અટકાવવા શું પગલાં લીધા તેની કોઈ સ્પષ્ટતા હોતી નથી. આ વલણ બિલકુલ યોગ્ય નથી.'

હાઇકોર્ટે આકરી ઝાટકણી કાઢતા કહ્યું કે, 'સેન્ચ્યુરીની કાળજી લેવાની પ્રાથમિક ફરજ સરકારની છે. તમે કુદરતી ખજાનાને પણ સાચવી શકતા નથી અને કોર્ટે તમને વારંવાર તમારી ફરજ યાદ અપાવવાની ન હોય.' એટલું જ નહીં, હાઇકોર્ટે સવાલ કર્યો કે, 'સ્ટેટ લેવલ મોનિટરિંગ કમિટીએ હજુ સુધી કેમ સોગંદનામું ફાઈલ કર્યું નથી?'

કોર્ટે ફોરેસ્ટ કન્ઝર્વેટર ઓફિસર, ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ અને સ્ટેટ મોનિટરિંગ કમિટીને સુપ્રીમ કોર્ટના નિર્દેશો મુજબ જ યોગ્ય જવાબ રજૂ કરવા આદેશ કર્યો છે. હાઇકોર્ટે ટકોર કરી છે કે, 'આ કેસમાં તમામ પક્ષકારોએ સોગંદનામું કરવું પડશે, જેની વધુ સુનાવણી આગામી સપ્તાહ પર મુકરર કરવામાં આવી છે.'


બીજી તરફ, સરકારે કોર્ટ સમક્ષ રજૂઆત કરી હતી કે આ બાબતે એક ઉચ્ચ સ્તરીય કમિટીની રચના કરવામાં આવી છે અને નળ સરોવરમાં નર્મદાનું પાણી પ્રવાહિત કરવામાં આવી રહ્યું છે.

# હવામાન વિભાગના હાઈએલર્ટ બાદ ઓખા બંદરે ૩ નંબરનું સિગ્નલ લગાવાયું

## દ્વારકાના દરિયામાં ૨૦ ફટ ઊંચા મોજા ઉછળ્યા, માછીમારોને દરિયો ન ખેડવા સૂચનાઃ ઓખા બંદરે ભયસૂચક સિગ્નલઃ દરિયાકાંઠે ૬૦ કિમીની ઝડપે પ્રચંડ પવન ફૂંકાવાની સંભાવના

**સમય સંદેશઃ જામનગર**

હવામાન વિભાગ દ્વારા કરવામાં આવેલી ભારે વરસાદ અને વાવાઝોડાની ગંભીર આગાહીને પગલે વહીવટી તંત્ર સંપૂર્ણપણે એલર્ટ થઈ ગયું છે. સાવચેતીના પગલારૂપે ઓખા બંદર પર ત્રણ નંબરનું ભયસૂચક સિગ્નલ લગાવી દેવામાં આવ્યું છે. હવામાન વરતારા મુજબ, આગામી સમયમાં દરિયાકાંઠાના વિસ્તારોમાં ૪૧ થી લઈને ૬૦



કિલોમીટર પ્રતિ કલાકની પ્રચંડ ઝડપે પવન ફૂંકાવાની પ્રબળ સંભાવના છે. દરિયામાં સર્જાયેલી આ તોફાની સ્થિતિને ધ્યાનમાં રાખીને વહીવટી તંત્ર દ્વારા માછીમારોને દરિયાથી દૂર રહેવા અને દરિયો ન ખેડવા માટે કડક આદેશો આપવામાં આવ્યા છે.

બીજી તરફ, દેવભૂમિ દ્વારકા જિલ્લાના કાંઠાળા વિસ્તારોમાં વહેલી સવારથી જ ધાબડીયા વરસાદી

અનુ પાના નં.૨ પર

# ખેડૂતોના વિરોધ સામે સરકાર ઝૂકીઃ વીજ ટાવર અને લાઈન મુદ્દે જંત્રીને બદલે હવે બજાર ભાવના બમણાં દરે ચૂકવાશે વળતર

**સમય સંદેશઃ ગાંધીનગર**

રાજ્યમાં છેલ્લા કેટલાક સમયથી વીજ ટાવર લાઈનને લઈને ચાલી રહેલા ખેડૂતોના વિરોધ વચ્ચે રાજ્ય સરકારે મોટો નિર્ણય લીધો છે. જેમાં વીજ ટ્રાન્સમિશન ટાવર અને હાઈટેન્શન લાઈનના વળતરમાં વધારો કરાયો છે.

રાજ્યમાં ખેડૂતો છેલ્લા ઘણા સમયથી ખેતરોમાંથી પસાર થતાં વીજ ટાવર લાઈનના યોગ્ય વળતરને લઈને સતત રજૂઆત અને વિરોધ નોંધાવી રહ્યા હતા. તેવામાં ખેડૂતોના વિરોધ સામે હવે સરકાર ઝૂકી છે. આ મામલે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું કે, 'વીજ પોલમાં હવે જંત્રીને બદલે જમીનના વર્તમાન બજારભાવના બમણા દરે ખેડૂતોને વળતર ચૂકવવાનો નિર્ણય લેવાયો છે. આ ભાવ નક્કી કરવા માટે માર્કેટ રેટ કમિટીની રચના કરાશે. જેમાં અસરગ્રસ્ત ખેડૂતોના પ્રતિનિધિ, કંપનીના પ્રતિનિધિ, જિલ્લા કલેકટર સહિતના વ્યક્તિનો કમિટીમાં સમાવેશ કરાશે.'

ગુજરાત સરકારે વીજ ટાવર અને લાઇન પસાર થવા બદલ ખેડૂતોને અપાતા વળતરમાં વધારો કરવાની જાહેરાત તો કરી છે, પરંતુ આ નિર્ણય પાછળ ખેડૂત સંગઠનોના લાંબા સમયના આક્રોશ અને આગામી રાજકીય ગણતરીઓ છુપાયેલી હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે. જંત્રીને બદલે બજાર ભાવના બમણા દરે વળતર આપવાની વાત પ્રથમ દ્રષ્ટિએ આકર્ષક લાગે છે, પરંતુ વાસ્તવમાં આ નિર્ણય સરકારે પોતાની અગાઉની અન્યાયી નીતિઓનો સ્વીકાર કર્યો હોવાનું સાબિત કરે છે. વર્ષોથી જંત્રીના નામે ખેડૂતોની કિંમતી જમીનો નજીવા ભાવે પડાવી લેનાર સરકાર હવે ઉદારતાનો સ્વાંગ રચી રહી છે, જ્યારે હકીકત એ છે કે જમીનની કાયમી બરબાદી સામે આ વળતર ખૂબ ઓછું છે.

જમીનની વાસ્તવિક બજાર કિંમત નક્કી કરવા માટે 'માર્કેટ રેટ કમિટી'ની રચના કરવાની જાહેરાત માત્ર કાગળ પરનો વાઘ સાબિત થઈ શકે છે. આ સમિતિમાં કલેક્ટર અને ટ્રાન્સમીશન સર્વિસ પ્રોવાઈડર (વીજ કંપનીઓ)ના પ્રતિનિધિઓનો દબદબો રહેશે, જેના કારણે સરકારી અધિકારીઓ અને ઉદ્યોગપતિઓની સાંઠગાંઠ વચ્ચે ખેડૂતોનો અવાજ દબાઈ જવાની પૂરી સંભાવના છે. સમિતિમાં ખેડૂત પ્રતિનિધિઓને માત્ર દેખાડા ખાતર જ સ્થાન આપવામાં આવ્યું હોય તેવું ચિત્ર ઉપસી રહ્યું છે. વીજ કંપનીઓ પોતાના ફાયદા માટે જમીનનો બજાર ભાવ નીચો રાખવા દબાણ કરશે, જેનાથી પારદર્શિતાના દાવાઓ પોકળ સાબિત થઈ શકે છે.

સરકારે ગર્વભેર જાહેરાત કરી છે કે, ૭૬૫ કે.વી. લાઇનમાં ૬૨૫ ચોરસ મીટરના બદલે હવે ૭૨૯ ચોરસ મીટરનું વળતર ચૂકવાશે. પરંતુ આ માત્ર એક ગણિતની માયાજાળ હોવાનો દાવો કરાઈ રહ્યો છે. વાસ્તવમાં, ખેતરમાં એકવાર મોટો વીજ ટાવર ઉભો થઈ જાય એટલે તેની આસપાસની એક એકર જમીન ખેતી માટે નકામી બની જાય છે. ત્યાં મોટા ટ્રેક્ટર કે આધુનિક સાધનો ચલાવી શકાતા નથી, જમીનની બજાર કિંમત કાયમ માટે ઝીરો થઈ જાય છે અને ભવિષ્યમાં તે જમીન વેચી શકાતી નથી. થોડા ચોરસ મીટરનો વધારો આપીને સરકાર ખેડૂતોને થતા કાયમી આર્થિક નુકસાનની ભરપાઈ કરી શકે નહીં તેવી પણ ફરીયાદ ઉઠી રહી છે.

ગામડાંના ખેડૂતો સાથે અન્યાય સમાન સરકારની આ નવી નીતિમાં 'રાઇટ ઓફ વે કોરિડોર' માટે વળતરના દરોમાં ભારે અસમાનતા રાખવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારમાં બજાર કિંમતના માત્ર 30% વળતર અપાશે, જ્યારે નગરપાલિકામાં ૪૫% અને મહાનગરપાલિકા વિસ્તારમાં ૬૦% વળતર અપાશે. સવાલ એ ઉભો થાય છે કે શું ગ્રામ્ય વિસ્તારના ખેડૂતની જમીનનું મૂલ્ય ઓછું છે? વીજ લાઇનનો સૌથી વધુ ભોગ ગામડાના ખેડૂતો જ બને છે, છતાં તેમને સૌથી ઓછું (માત્ર 30%) વળતર આપીને સરકારે પોતાની ગ્રામવિરોધી માનસિકતા છતી કરી છે.

# મનપા, જિલ્લા અને તાલુકા પંચાયતની ખાલી પડેલી ૧૫ બેઠકો પર પેટાચૂંટણી જાહેર

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગ દ્વારા રાજ્યની વિવિધ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં ખાલી પડેલી કુલ ૧૫ બેઠકો માટે પેટાચૂંટણીનો સત્તાવાર કાર્યક્રમ જાહેર કરવામાં આવ્યો છે.

સત્તાવાર અખબારી યાદી મુજબ, આ પેટા ચૂંટણીઓમાં જૂનાગઢ મહાનગરપાલિકાની ૧ બેઠક, દેવગઢ બારિયા નગરપાલિકાની ૬ બેઠકો અને વિસનગર નગરપાલિકાની ૧ બેઠકનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, આણંદ જિલ્લા પંચાયતની ૧ બેઠક તેમજ હળવદ, પોશિના, સતલાસણા, હારીજ, નેત્રંગ અને ફાગવેલ તાલુકા પંચાયતોની કુલ ૬ બેઠકો માટે પણ મતદાન યોજાશે.

ચૂંટણીના સંપૂર્ણ કાર્યક્રમ પર નજર કરીએ તો

ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખઃ ૧૪ જુલાઈ છે જ્યારે ઉમેદવારી પત્રોની ચકાસણી (સ્ક્રુટિની): ૧૫ અને ૧૬ જુલાઈ રાખવામાં આવી છે અને ઉમેદવારી પત્ર ખેંચવાની છેલ્લી તારીખઃ ૧૬ અને ૧૭ જુલાઈ (સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાના પ્રકાર મુજબ) ઉપરાંત મતદાનની તારીખઃ ૨૮ જુલાઈ (મંગળવાર, સવારે ૭:૦૦ થી સાંજના ૬:૦૦ વાગ્યા સુધી), પુનઃ મતદાન (જો જરૂર જણાય તો): ૨૯ જુલાઈ વધુમાં મતગણતરી અને પરિણામઃ ૩૦ જુલાઈ, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે.

# દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આભ ફાટ્યુંઃ ૧૨ કલાકમાં ૧૪૭ તાલુકાઓમાં તોફાની વરસાદ

**સમય સંદેશઃ ગાંધીનગર**

ગુજરાતમાં છેલ્લા ૧૨ કલાકમાં ૧૪૭ તાલુકાઓમાં અને ૨૪ કલાકમાં ૧૭૨ તાલુકાઓમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો છે, જેમાં ૫ તાલુકાઓમાં ૧૦ ઈંચથી વધુ વરસાદ ખાબકતા પૂરની સ્થિતિ સર્જાઈ છે. ડાંગના વઘઈમાં સૌથી વધુ ૧૪ ઈંચ અને સુબીર તાલુકામાં ૧૨ ઈંચ વરસાદને કારણે નદીઓ ગાંડીતૂર બની છે અને ૧૬ ગ્રામ્ય માર્ગો બંધ કરાયા છે. આ તરફ સુરતના અંબિકા તાલુકામાં ૧૩ ઈંચ, તાપીના ડોલવણમાં ૧૨ ઈંચ જ્યારે વાલોડ ગામે પાણીમાં તણાઈ જવાથી બે મજૂરોના મોત નીપજ્યા છે. સૌરાષ્ટ્રના જૂનાગઢના માળિયા હાટીના અને માંગરોળમાં ૧૨-૧૨ ઈંચ વરસાદ ખાબકતા મેઘલ નદીમાં ઘોડાપૂર આવ્યું છે અને વાંદરવડ પાસે પાણીમાં ફસાયેલી એસટી બસને જેસીબીની મદદથી રેસ્ક્યુ કરાઈ હતી. વાતાવરણને જોતા જાફરાબાદ અને વેરાવળ બંદર પર ૩ નંબરનું સિગ્નલ લગાવી માછીમારોને દરિયો ન ખેડવા કડક સૂચના અપાઈ છે.

ગીર સોમનાથ જિલ્લાના જોડિયા શહેરો વેરાવળ અને પ્રભાસ પાટણમાં સતત ધોધમાર વરસાદથી નગરપાલિકાની પ્રિ-મોન્સૂન કામગીરીના દાવાઓની પોલ ખુલી ગઈ છે. વેરાવળના હૃદય સમાન ગાંધીચોક, રાજેન્દ્ર ભુવન રોડ અને ખુદ નગરપાલિકા કચેરીનું કમ્પાઉન્ડ કમર અને ગોઠણસમા પાણીમાં ડૂબી જતાં બજારો ટાપુમાં ફેરવાઈ ગઈ છે અને અનેક દુકાનોમાં પાણી ઘૂસી જતાં વેપારીઓને મોટું આર્થિક નુકસાન થયું છે. પ્રભાસ પાટણના નીચાણવાળા વિસ્તારો જેવા કે ગુલાબનગર, લખાતવાડી અને સાઈન કોલોનીમાં ગટરના પાણીનો નિકાલ ન થતાં ૫૦૦થી વધુ રહેણાંક મકાનો પાણીમાં ગરકાવ થયા છે, જેના લીધે ૧૦ હજારથી વધુની વસાહત સીધી રીતે અસરગ્રસ્ત થઈ છે અને લોકો તંત્ર પાસે તાત્કાલિક રાહતની માંગ કરી રહ્યા છે.

નવસારી જિલ્લાના ચીખલીમાં ૨ કલાકમાં ૮ ઈંચ અને ગણદેવીમાં

અનુ પાના નં.૨ પર

## તંત્રી સ્થાનેથી..



### 'અલ નીનો..' નવી ઉપાધી !

સામાન્ય રીતે, પૂર્વીય પેસિફિક મહાસાગરમાં પાણી ઠંડુ રહે છે, કારણ કે પવનો ઠંડું પાણી ઉપર લાવે છે. જોકે, અલ નિનો દરમિયાન એ પવનો નબળા પડે છે, સમુદ્રની સપાટીનું તાપમાન સામાન્ય કરતાં ૦.૫ ડિગ્રી સેલ્સિયસ અથવા વધુ ગરમ છે. આ વધારાની ગરમી વાતાવરણમાં અકલ્પિત ઊર્જા છોડે છે, જે વિશ્વભરની હવામાન પ્રણાલીઓને વેરવિખેર કરે છે. યુરોપને સામાન્ય રીતે ઠંડો ખંડ માનવામાં આવે છે, પરંતુ તાજેતરનાં વર્ષોમાં તે રેકોર્ડબ્રેક ગરમીનો અનુભવ કરી રહ્યો છે. અલનિનો જેટ સ્ટ્રીમને અસર કરે છે. જેટ સ્ટ્રીમ સામાન્ય રીતે યુરોપ ઉપરથી પસાર થાય છે. આ ઉનાળામાં, ઘણા યુરોપિયન દેશોમાં તાપમાન ૪૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ પહોંચી ગયું છે. આનાથી પાક સુકાઈ રહ્યા છે, જંગલોમાં આગ લાગી રહી છે અને લોકો જિંદગી ગુમાવી રહ્યા છે. આબોહવા નિષ્ણાતો કહે છે કે અલનિનો જ જવાબદાર નથી, પરંતુ માનવ-સર્જિત ગરમી તેની તીવ્રતાને વધારી રહી છે. અલ નિનોની અસરો ઉત્તર અમેરિકા, ખાસ કરીને કેનેડા અને ઉત્તરીય યુનાઈટેડ સ્ટેટ્સમાં સ્પષ્ટપણે દેખાય છે. અલ નિનો પેસિફિક જેટ સ્ટ્રીમને દક્ષિણ તરફ ખસેડે છે, જેનાથી ઉત્તરીય પ્રદેશોમાં ગરમ અને સૂકા પવનો વહે છે. અલ નીનો દરમિયાન, ઉત્તર અમેરિકા અને કેનેડામાં શિયાળો ગરમ થાય છે. પેસિફિક મહાસાગરમાં ગરમ પાણી વાતાવરણમાં ઊર્જા છોડે છે, જેનાથી ઉચ્ચ દબાણનો વિસ્તાર બને છે. આ વિસ્તાર ગરમ હવાને ફસાવે છે અને ઠંડી હવાને પ્રવેશતા અટકાવે છે. કેલિફોર્નિયા, પેસિફિક નોર્થવેસ્ટ અને કેનેડામાં રેકોર્ડ ગરમી છે. જંગલોમાં આગ વધી રહી છે, પાણીની અછત સર્જાઈ રહી છે, અને ખેતીને અસર થઈ રહી છે. અલ નિનો દક્ષિણ અમેરિકામાં વધુ વરસાદ લાવી શકે છે, પરંતુ ઉત્તરમાં દુષ્કાળ અને ગરમી લાવી શકે છે. અલ નિનો કોઈ નવી ઘટના નથી. તે હજારો વર્ષોથી બનતી આવી છે. પરંતુ સમસ્યા એ છે કે આજે પૃથ્વી ૧.૩ ડિગ્રી સેલ્સિયસ વધુ ગરમ થઈ ગઈ છે. અલ નિનો આ ગરમીમાં એક વધારાનું સ્તર ઉમેરે છે. વિશ્વ હવામાન સંગઠને ચેતવણી આપી છે કે અલ નિનો આબોહવા પરિવર્તન- ક્લાઈમેટ ચેઈન્જની આગમાં ઘી ઉમેરી રહ્યું છે. તે ગરમીનાં મોજા, દુષ્કાળ, પૂર અને આગને વધુ તીવ્ર અને વારંવાર સર્જી રહ્યું છે. તે વૈશ્વિક સ્તરે હવામાનની પેટર્નમાં ફેરફાર કરે છે. ઓસ્ટ્રેલિયા, ઈન્ડોનેશિયા અને ભારતના કેટલાક ભાગોમાં દુષ્કાળ પડી શકે છે, જ્યારે દક્ષિણ અમેરિકામાં ભારે વરસાદ પડી શકે છે.





## હાલારના હાલહવાલ

# જામ-ખંભાળિયામાં રાજ્યસભાના નવનિયુક્ત સાંસદ જીતેન્દ્ર કણજારીયાના ભવ્ય સ્વાગતના આયોજન માટે બેઠક યોજાઈ

## રવિવારે બાઈક રેલી, રક્તતુલા, રક્તદાન કેમ્પ સહિતના આયોજનો



**સમય સંદેશઃ ખંભાળિયા**

રાજ્યસભાના નવનિયુકત સાંસદ ખંભાળિયાના જીતેન્દ્રભાઈ મેઘજીભાઈ કણજારીયાના અત્રે ભવ્ય સ્વાગત અને સન્માન સમારોહના આયોજન માટે ખંભાળિયા અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમસ્ત સતવારા સમાજ દ્વારા ખંભાળિયામાં સતવારા સમાજ વાડી ખાતે આગેવાનોની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં કાર્યક્રમને ભવ્ય અને યાદગાર બનાવવા માટે વિવિધ આયોજન અંગે સવિસ્તૃત ચર્ચાઓ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમો રવિવાર તા. ૫ ના રોજ યોજાનાર છે. જેમાં બપોરે 3:30 વાગ્યે અત્રે જામનગર માર્ગ પર આવેલા સિદ્ધનાથ મહાદેવ મંદિર ખાતેથી ભવ્ય બાઇક રેલીનું પ્રસ્થાન થશે. આ બાઇક રેલી નગર ગેઈટથી બજાણા રોડ સ્થિત સતવારા સમાજ વાડી ખાતે પહોંચશે. જેમાં રાજ્યસભા સાંસદ જીતેન્દ્રભાઈ કણજારીયાની રક્ત તુલા કરવામાં આવશે. આ સાથે રક્તદાન કેમ્પનું આયોજન પણ કરવામાં આવ્યું છે. ત્યાર બાદ સમાજના આગેવાનો, યુવાનો અને હજારો જ્ઞાતિજનોની ઉપસ્થિતિમાં પુસ્તકો દ્વારા તેમનું ભવ્ય સન્માન કરવામાં આવશે. સમાજનો કોઈપણ વ્યક્તિ પુસ્તક અર્પણ કરીને સન્માન કાર્યક્રમમાં સહભાગી બની શકશે. અહીં એકત્રિત થયેલા પુસ્તકો જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓ અને બાળકોને વિતરણ કરવામાં આવશે.

આ આયોજનને સફળ બનાવવા માટે વિવિધ માધ્યમો દ્વારા વ્યાપક પ્રચાર-પ્રસાર તેમજ નોંધણી અભિયાન હાથ ધરવામાં આવશે. ખંભાળિયા અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના સમસ્ત સતવારા સમાજ દ્વારા સમગ્ર ગુજરાતના સતવારા સમાજના આગેવાનો, જ્ઞાતિજનો અને યુવાનોને બાઇક રેલી, રકતદાન કેમ્પ તથા સન્માન સમારોહમાં મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી, કાર્યક્રમને સફળ બનાવવા આયોજકો દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

# ખંભાળીયામાં કમ્મર તોડ સ્પીડ બ્રેકરો દુર કરવાની જિલ્લા કલેક્ટર તથા ચીફ ઓફિસરને ઉગ્ર માંગ

**સમય સંદેશઃ ખંભાળિયા**

ખંભાળિયા શહેરના જાહેર માર્ગો પર ગેરકાયદેસર રીતે બનાવવામાં આવેલા સ્પીડ બ્રેકરો દૂર કરવા તેમજ ભવિષ્યમાં આવા અનધિકૃત બાંધકામો અટકાવવા અહીંના પત્રકાર દિલીપસિંહ ટી. ચાવડાએ જિલ્લા કલેક્ટર તથા ખંભાળિયા નગરપાલિકાના ચીફ ઓફિસરને લેખિત રજૂઆત કરી છે.

આ રજૂઆતમાં જણાવાયું છે કે શહેરના અનેક જાહેર માર્ગો પર કેટલાક લોકોએ પોતાના ઘર, દુકાન અથવા મિલકતની સામે પોતાની મરજી મુજબ સ્પીડ બ્રેકરો બનાવી દીધા છે. એક જ માર્ગ પર ઢંગધડા વગરના અનેક સ્પીડ બ્રેકરો હોવાના કારણે વાહનચાલકોને ભારે મુશ્કેલીનો




સામનો કરવો પડે છે.

આવા ગેરકાયદેસર સ્પીડ બ્રેકરોને કારણે એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ સહિતની ઈમરજન્સી સેવાઓને અવરોધ સર્જાય છે, દર્દીઓને હોસ્પિટલ પહોંચાડવામાં વિલંબ થાય છે, સામાન્ય નાગરિકોને સમયસર પોતાના સ્થળે પહોંચવામાં મુશ્કેલી પડે છે તેમજ વાહનોને નુકસાન અને અકસ્માતનું જોખમ પણ વધે છે. આ રજૂઆતમાં વધુમાં જણાવાયું છે કે જ્યાં આવા કમ્મરતોડ સ્પીડ બ્રેકરો બનાવવામાં આવ્યા છે, ત્યાં નજીકમાં કોઈ હોસ્પિટલ, શાળા, બાલમંદિર અથવા નિયમો મુજબ સ્પીડ બ્રેકરની આવશ્યકતા ધરાવતું સંવેદનશીલ સ્થળ નથી.

શહેરના તમામ જાહેર માર્ગોનું તાત્કાલિક સર્વેક્ષણ કરાવી નિયમો વિરુદ્ધ બનાવવામાં આવેલા તમામ ગેરકાયદેસર સ્પીડ બ્રેકરો દૂર કરવા તેમજ ભવિષ્યમાં કોઈપણ વ્યક્તિ જાહેર માર્ગ પર મનસ્વી રીતે સ્પીડ બ્રેકર ન બનાવી શકે તે માટે કડક કાર્યવાહી કરવાની માંગ આ પત્રમાં કરવામાં આવી છે.

# જામનગરમાં સ્વચ્છતા અભિયાનમાં ગરીબ પરિવાર પણ ઉત્સાહથી જોડાયો

**સમય સંદેશઃ જામનગર**


તસવીરઃ હિરેન ગાંધી

જામનગર મહાનગર પાલિકાના હદમાં દ્રારા સ્વછતા જાળવવા માટે લાખો રૂપિયાની ખર્ચ કરે છે છતાં સ્વછતા અભિયાનમાં નંબર એક થી ત્રણમાં આવતો નથી. જ્યારે મહાનગરપાલિકા પાસેથી પણ જાતના આર્થિક લાભો વગર કચરો વીણવાનું કામ અનેક લોકો કરીને શહેરના સ્વછતા અને સફાઈ અભિયાનમાં વિનામૂલ્ય સેવા આપી રહ્યા છે. આ કચરો વીણીને તેની રોજીરોટી પણ મેળવી રહ્યા છે. તેઓ શહેરના માત્ર મુખ્યમાર્ગ નહી પરંતુ નાની મોટી શેરી ગલ્લીઓમાંથી પણ પ્લાસ્ટિક, કાગળ, સહિતનો કચરો વીણીને એકત્ર કરીને દૂર કરે છે. ખરેખર સફાઈ અભિયાનમાં આવા કચરો વીણીને કામ કરનારા યોગદાન વખાણવા લાયક ગણાય.

# કાલાવડ નાકા વિસ્તારમાં વડોદરાની વીજીલન્સના દરોડા



તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના કાલાવડ નાકા બહાર આવેલી વિવિધ સોસાયટીઓ તેમજ દુકાનોમાં બેફામ વીજચોરી થતી હોવાની વડોદરાની વીજ પોલીસને માહિતી મળી હતી. જેના આધારે વડોદરાની વીજીલન્સની જુદી જુદી ૪ ટીમોએ ગુરૂવારે સાંજના સમયે દરોડા પાડ્યા હતા. જેમાં જામનગરની યુજીવીસીએલની ટીમને પણ સાથે રાખવામાં આવી હતી. આ કામગીરી મોડી રાત સુધી કરવામાં આવી હતી. જેમાં કાલાવડ નાકા બહારના જુદી જુદી સોસાયટીઓમાં તપાસ હાથ ધરીને મોટી વીજ ચોરી પકડી પાડવામાં આવી છે. આ કામગીરી મોડી રાત સુધી ચાલી હતી. વડોદરાની વીજ વીજીલન્સની ટીમોના ચેકીંગથી વીજચોરોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. તો અમુક સ્થળોએ તો ડાયરેકટ કનેકશનો ફીટ કર્યા હતા. મોડે સુધી કામગીરી ચાલી હતી.


**સરકારમાન્ય બૉન્ડ રાઈટર**

સરકારી સોગંદનામા, ભાડા કરાર,
વેંચાણ કરાર, દસ્તાવેજી રજિસ્ટ્રેશન,
કુલમુખત્યારનામા ગુજરાતી તથા અંગ્રેજીમાં.

નોટરીને લગતાં કામ માટે મળો

**અભિજીત જયંતકુમાર દવે**

મો.૮૪૬૦૪૫૯૫૨૦, ૮૮૬૬૮૮૧૯૯૯


## અનુસંધાન

### બારે મેઘ ખાંગા

(પાના નં. ૪ થી આગળ)

કામગીરીના કારણે બંને બાળકોનો આબાદ બચાવ થયો હતો. સમગ્ર ઘટના નજીકમાં લગાવવામાં આવેલા કેમેરામાં કેદ થઈ હતી. ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થયેલ જામજોધપુર સહિત ગ્રામ્ય પંથકમાં સાતથી આઠ ઈંચ જેટલો જુદા જુદા વિસ્તારમાંવરસાદ થયો હતો.

### હાઈવે પર પાણી ફરી

(પાના નં. ૪ થી આગળ)

કાયમી સમસ્યાનો ઉકેલ લાવવા સરકાર અને સંબંધિત વિભાગો દ્વારા તાત્કાલિક આયોજન કરવામાં આવે તેવી માંગ ઉઠી રહી છે. વાહન વ્યવહાર માટે મહત્વના એવા આ માર્ગ પર યોગ્ય વ્યવસ્થા, મજબૂત ડ્રેનેજ અને કાયમી ઉકેલ ન કરવામાં આવે તો ભવિષ્યમાં પણ લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડશે. સ્થાનિક લોકો અને વાહનચાલકો દ્વારા સરકાર તથા તંત્રને આ સમસ્યાને ગંભીરતાથી લઈ તાત્કાલિક કાર્યવાહી કરવા અપીલ કરવામાં આવી રહી છે.

### ૯ જુગારિયા

(પાના નં. ૪ થી આગળ)

કરમશીભાઇ આંકેડા (ઉ.વ.૪૯, રહે. કીશાન ચોક રોડ, દ્વારકાપુરી મંદીરની અંદરની ગલીમા, જામનગર), નિલેષ ચંદુલાલ સોનપાલ (ઉ.વ.૪૯, રહ.કીશાન ચોક રોડ,દ્વારકાપુરી મંદીરની અંદરની ગલીમા, જામનગર) નામના પાંચ શખ્સોને રૂા.૧૦,૮૦૦ ની રોકડ સાથે ઝડપી લીધા હતાં. પોલીસે તમામ શખ્સો સામે જુગારધારાની કલમ હેઠળ ગુન્હો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

### સલાયામાં ઘરફોડ

(પાના નં. ૪ થી આગળ)

ડિસમિસ, લોખંડનો સળિયો, ધારદાર ચાકુઓ અને એરગન જેવા સાધનો પણ મળી આવ્યા હતા.આરોપીએ કબૂલ્યું હતું કે તે બંધ મકાનના ફળિયામાં પ્રવેશી કોસ વડે દરવાજાનું તાળું તોડતો હતો અને ત્યારબાદ કબાટના દરવાજા ખેંચીને તિજોરી ખોલી રોકડ તેમજ સોના-ચાંદીના દાગીનાની ચોરી કરતો હતો.આરોપી ગુનાહિત પ્રવૃત્તિ કરવાની ટેવવાળો છે અને છરી, ચાકુ તેમજ કોસ જેવા હથિયારો સાથે ફરતો હોય છે.

પોલીસે તેની પાસેથી બંને ગુનામાં નોંધાયેલ સોના-ચાંદીના દાગીના, રોકડ અને ઓરિજિનલ ડોક્યુમેન્ટ્સ સહિત કુલ ૬૫,૪૪૦ નો મુદ્દામાલ કબ્જે કર્યો છે. સલાયા મરીન પોલીસના પીઆઈ જે.એમ. ચાવડાના માર્ગદર્શન હેઠળ ઓમદેવસિંહ જાડેજા, પીઠાભાઈ જોગલ, વિપુલ ડાંગર અને કરણ સોંદરવા સહિતના સ્ટાફ દ્વારા આ કામગીરી સફળતાપૂર્વક પાર પાડવામાં આવી હતી. આ કાર્યવાહી એસપી જયરાજસિંહ વાળાની સૂચનાઓ અનુસાર કરવામાં આવી હતી.

### રિક્ષાચાલક ઝડપાયો

(પાના નં. ૪ થી આગળ)

(રહે. ખોજાનાકા, જામનગર)ને વિક્ટોરિયા પુલ નજીકથી ઝડપી પાડ્યો હતો. આરોપી પાસેથી રૂ. ૨.૨૬ લાખની સોનાની બંગડીઓ, રૂ. ૪૨ હજારની સોનાની કાનની સર તેમજ ગુનામાં ઉપયોગમાં લેવાયેલી અંદાજે રૂ. ૧.૫૦ લાખની વાસ્પા રિક્ષા મળી કુલ રૂ. ૪.૧૮ લાખનો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે. આ પ્રકરણમાં સંડોવાયેલો આરોપી મહમદહુશેન ઉર્ફે મુનો સિદ્દીકભાઈ જુણેજા (રહે હર્ષદમીલની ચાલી) અને ફાહીદ અલીભાઈ માકડીયા (રહે. શોઢા ફળી બાપા શેઠનો) હજુ ફરાર છે અને તેમની શોધખોળ ચાલુ છે. પોલીસે તપાસમાં સામે આવ્યું કે આરોપી જાફર સામે અગાઉ હત્યા, ચોરી, મારામારી, ધમકી સહિતના અનેક ગુનાઓ નોંધાયેલા છે.

### યુવાનનું અપહરણ

(પાના નં. ૪ થી આગળ)

દીકરીને ઉપાડી ગયેલ છે તારે અમને દીકરી સોપાવી પડશે નહીતર અમે તને અને તારા ઘરના બધાને જાનથી મારી નાખીશુ. અમને કોઇ ફરક નહી પડે. તેવી ધમકીઓ આપી હતી.

બાદ ફરિયાદીને ઢાંક ગામે જયેશ મોરીના ઘરે લઇ ગયા હતા અને બાદ ત્યાં પણ ધમકીઓ આપતા ફરિયાદીએ તેમને કહેલ કે હુ પણ મારા ભાઈને શોધુ છુ મને મારો ભાઈ તથા તમારી દીકરી મળશે તો હુ તમને શોંપી આપીશ. આથી આરોપીઓએ કહ્યું કે તને બે દીવસનો ટાઇમ આપી છીએ જો તું અમને છોકરી નહી સોપાવીશ. તો હવે તારા આખા ઘરને મારી નાખીશુ. તેમ ધમકી આપી ફરિયાદીને ત્યાં રોડ ઉપર ઉતારી દીધો હતો. હાલ ફરિયાદના આધારે પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

### ઈન્સ્પેક્ટર ઓફ લેન્ડ

(પાના નં. ૩ થી આગળ)

એકસાથે મળી રહેશે. જામનગર જિલ્લાના તમામ નાગરિકોને જમીન રેકર્ડ, માપણી અને પ્રોપર્ટી કાર્ડ સહિતની વિવિધ સેવાઓનો લાભ લેવા માટે પોતાના તાલુકાની સંબંધિત કચેરીનો સંપર્ક સાધવા કલેક્ટર શ્રી પી.બી.પંડ્યા દ્વારા અખબારી યાદીમાં જણાવાયું છે.સાથે જ સુપ્રિન્ટેન્ડેન્ટ લેન્ડ રેકોર્ડ્સ કમ એકત્રીકરણ અધિકારી એચ.એસ. રબારી દ્વારા આ સેવાઓનો સ્થાનિક કક્ષાએ વધુમાં વધુ લાભ લેવા નાગરિકોને અનુરોધ કરાયો છે.

### આતંકી ષડયંત્રનો પર્દાફાશ

(પાના નં. ૧ થી આગળ)

ષડયંત્ર રચી રહ્યા હતા. આ દેશવિરોધી કાવતરા માટે તેઓએ અંદાજે ૩ લાખ રૂપિયાનું ફંડિંગ પણ મેળવ્યું હતું. આ ફંડમાંથી તેઓએ એક જૂની કાર ખરીદી હતી, જેનું રજીસ્ટ્રેશન કાયદાકીય પકડથી બચવા માટે હજુ સુધી પોતાના નામે કરાવ્યું ન હતું. આ ઉપરાંત, તેઓ સ્થાનિક કક્ષાએ અન્ય સભ્યોને સંગઠનમાં જોડવા માટે બ્રેઈનવોશ પણ કરતા હતા.

તપાસ દરમિયાન આરોપીઓ પાસેથી મોટા પ્રમાણમાં જેહાદી ડિજિટલ અને પ્રિન્ટ સાહિત્ય મળી આવ્યું છે. મુખ્ય આરોપી ઇબ્રાહિમ મોહમ્મદ હુસેન ઘઘાના મોબાઇલમાં રહેલી નોર્ડ લોકર એપમાંથી ૨૫૪ જેટલા જેહાદી પુસ્તકો, ઓડિયો-વિડિયો ફાઇલો અને જૈશના ઝંડાના ફોટા મળી આવ્યા છે. આ સિવાય, જૈશ-એ-મોહમ્મદના વડા મસૂદ અઝહરને સંબોધીને ઉર્દૂમાં લખેલા ૮ પત્રો પણ કબ્જે કરાયા છે. સૌથી ચિંતાજનક બાબત એ છે કે, આ આરોપીઓએ મસૂદ અઝહરના પ્રખ્યાત પુસ્તક 'દર્સ-એ-જેહાદ'નું ઉર્દૂમાંથી ગુજરાતીમાં ભાષાંતર કર્યું હતું, જેથી ગુજરાતના સ્થાનિક યુવાનોને સરળતાથી કટ્ટરપંથી વિચારધારા તરફ વાળી શકાય અને તેમનું બ્રેઈનવોશ કરીને આતંકી સંગઠનમાં ભરતી કરી શકાય.

### વડાપ્રધાન નરેન્દ્ર મોદી

(પાના નં. ૧ થી આગળ)

રેલવે, રોડ અને પાવર સેક્ટરમાં અંદાજે ૧.૦૬ લાખ કરોડ રૂપિયાથી વધુના પ્રચંડ વિકાસ પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ કરવાના છે. જેમાં ૯૦૦ કરોડના ખર્ચે બનેલા ચુરુ-સાદુલપુર અને ચુરુ-રતનગઢ રેલ લાઇન ડબલિંગ પ્રોજેક્ટ્સ તેમજ ૨,૭૪૦ કરોડના જોધપુર રિંગ રોડ સેક્શન-૨ નું ઉદઘાટન સામેલ છે. આ ઉપરાંત, ગ્રીન એનર્જીને પ્રોત્સાહન આપવા માટે વડાપ્રધાન બિકાનેરમાં સ્થાપિત કરાયેલા SJVNના ૧,૦૦૦ મેગાવોટના અને NHPCના 300 મેગાવોટના સોલર પ્લાન્ટનું લોકાર્પણ પણ કરશે, જે દેશની ઉર્જા સુરક્ષા અને 'વિકસિત ભારત'ના લક્ષ્ય તરફ એક મોટું પગલું સાબિત થશે.

### હવામાન વિભાગ

(પાના નં. ૧ થી આગળ)

વાતાવરણ વચ્ચે દરિયામાં ભારે કરંટ જોવા મળી રહ્યો છે. જગપ્રસિદ્ધ યાત્રાધામ દ્વારકાના ગોમતી ઘાટ, પંચકુઈ બીચ, સંગમનારાયણ બીચ, ગાયત્રી બીચ, લાઈટ હાઉસ અને ભડકેશ્વર બીચ સહિતના વિસ્તારોમાં ૧૫ થી ૨૦ ફૂટ ઊંચા વિશાળકાય મોજા ઉછળી રહ્યા છે. પ્રવાસીઓની સુરક્ષાને ધ્યાને રાખીને તંત્ર દ્વારા ગોમતી ઘાટ તેમજ સમુદ્રમાં નહાવા પર સંપૂર્ણ પ્રતિબંધ લાદી દેવામાં આવ્યો છે અને લોકોને દરિયાકાંઠાથી દૂર રહેવા અપીલ કરાઈ છે.

દરિયાકાંઠાની આ તીવ્ર હલચલ વચ્ચે છેલ્લા બે દિવસ દરમિયાન દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખંભાળિયા તેમજ ભાણવડ પંથકમાં પણ વાતાવરણમાં પલટો આવ્યો છે. આ વિસ્તારોમાં સમયાંતરે વરસાદી ઝાપટાં વરસતાં માર્ગો પાણીથી તરબતર બન્યા છે. લાંબા વિરામ બાદ શરૂ થયેલી આ વરસાદી ગતિવિધિને પગલે સ્થાનિક લોકો અને ખાસ કરીને ધરતીપુત્રો આગામી સમયમાં સાર્વત્રિક અને મુશળધાર મેઘમહેર થાય તેની ચાતક નજરે રાહ જોઈ રહ્યા છે.

### દક્ષિણ ગુજરાત

(પાના નં. ૧ થી આગળ)

૫ ઈંચ વરસાદથી સોસાયટીઓ અને સ્ટેટ હાઇવે જળમગ્ન થયા છે. જ્યારે વલસાડ શહેરમાં સવારે ૬થી ૧૦ વાગ્યાના માત્ર ૪ કલાકમાં ૭ ઈંચ વરસાદ ખાબકતા નીચાણવાળા છીપવાડ વિસ્તાર સહિત સમગ્ર શહેર બેટમાં ફેરવાયું છે. સ્થિતિની ગંભીરતા જોઈને વહીવટી તંત્ર દ્વારા ૫૦૦ જેટલા લોકોનું શેલ્ટર હોમમાં સુરક્ષિત સ્થળાંતર કરાયું છે

# જામનગરના મોસીન ભાયા સહિત ૨૦ કુખ્યાત બૂટલેગરો વિરૂદ્ધ રાજકોટ ક્રાઈમ બ્રાન્ચની કડક કાર્યવાહી



**સમય સંદેશઃ જામનગર**

રાજકોટ ડિસ્ટ્રિક્ટ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા સૌરાષ્ટ્રમાં સંગઠિત ગુનાખોરી અને વિદેશી દારૂની હેરાફેરી કરતી કુખ્યાત 'ફિરોઝ ઉર્ફે ફીરીયો સેન્ડિકેટ' ગેંગના ૨૦ નામચીન બૂટલેગરો વિરૂદ્ધ 'ગુજસીટોક' હેઠળ ગુનો નોંધી કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આ ટોળકીના સાગરીતો સામે છેલ્લા ૧૦ વર્ષમાં ખંડણી, ખૂનની કોશિશ અને હથિયારો સાથે હુમલા સહિતના ૩૪૨ જેટલા ગંભીર ગુનાઓ નોંધાયેલા છે. આ કડક કાર્યવાહીમાં જામનગરના વાઘેરવાડો વિસ્તારના લિસ્ટેડ બૂટલેગર મોહસીન મહંમદ બાયા (ભાયા) નો પણ સમાવેશ થાય છે, જેનાથી ગુનેગારોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે. પોલીસે આ ગેંગના ૨૦ શખ્સોમાંથી અત્યાર સુધીમાં ૦૯ સાગરીતોની સત્તાવાર ધરપકડ કરી લીધી છે, જેમાં જામનગરના મોહસીન બાયા ઉપરાંત ધવલ વડનગરા, યશપાલસિંહ જાડેજા, મનોજ પોબારૂ, મોહસીન કુરેશી, જય સાવલીયા, ચંદ્રેશ ચૌહાણ, બકુલ નંદેસણીયા અને રાહુલ વકાતર સામેલ છે. જ્યારે ગેંગનો મુખ્ય સૂત્રધાર ફીરોઝ હાસમ મેણુ અને અન્ય ૪ આરોપીઓ હાલ જુદા-જુદા ગુનાઓમાં અલગ-અલગ જેલમાં બંધ હોય પોલીસ ટૂંક સમયમાં તેઓનો કબ્જો મેળવશે. આ કેસમાં સંડોવાયેલા અન્ય ફરાર ૦૬ શખ્સોને ઝડપી લેવા માટે ક્રાઈમ બ્રાન્ચે ચક્રો ગતિમાન કર્યા છે.

# જામનગરમાં પીજીવીસીએલ દ્વારા સલામતી સપ્તાહ અંતર્ગત રેલી



તસવીરઃ હિરેન ગાંધી

જામનગર જિલ્લામાં પીજીવીસીએલના વીજ અકસ્માતોને અટકાવવા સલામતી સપ્તાહ અંતર્ગત જનજાગૃતિ માટે વીજ સલામતી પદયાત્રા લાલ બંગલા કમ્પાઉન્ડ પીજીવીસીએલ ખાતે યોજાઇ હતી. આ રેલીમાં પીજીવીસીએલના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા અને લોકોને વીજ અકસ્માતો અટકાવવા અપીલ કરી હતી.

# જામનગર જિલ્લા પંચાયતના તલાટીઓએ મહેસુલની કામગીરીનો કર્યો બહિષ્કાર

## જિલ્લા પંચાયતના તલાટીઓની લાંબા સમયથી પડતર વિવિધ માંગણીઓ અને કામના કારણને લઈને મહેસુલીની કામગીરી ઠપ્પ કરી દેવાઈ

**સમય સંદેશઃ જામનગર**

ગુજરાત તલાટી-મંત્રી મહામંડળ દ્વારા લાંબા સમયથી પડતર જોબચાર્ટની માંગણી અને વધારાના કામના ભારણને લઈને ગઈકાલ તા.૩થી મહેસૂલી કામગીરીનો બહિષ્કાર કરવાનો નિર્ણય લેવાયો છે. જેમાંજામનગર જિલ્લા પંચાયત વિભાગના તલાટીઓ જોડાયા છે.. લાંબા સમયથી પડતર જોબચાર્ટની માંગણી અને વધારાના કામના ભારણને લઈને આંદોલનનું રણશિંગુ ફૂંક્યું છે. જામનગર જિલ્લા તલાટી મંડળના પ્રમુખ પરેશભાઈ પાર્ટીએ જણાવ્યું કે, સરકાર સાથે અગાઉ થયેલા સમાધાન મુજબ તલાટી કમ મંત્રી અને મહેસૂલી તલાટીના જોબચાર્ટ અલગ કરવાના હતા, પરંતુ સાડા ત્રણ વર્ષ વીતવા છતાં તેનો અમલ થયો નથી. તાજેતરમાં સરકાર દ્વારા મહેસૂલી તલાટીઓની ભરતી પ્રક્રિયા પૂર્ણ કરી નિમણૂક પત્રો આપવામાં આવ્યા છે તેમ છતાં જોબચાર્ટ અલગ ન થતાં તલાટીઓમાં ભારે રોષ છે. પંચાયત વિભાગ ઉપરાંત મહેસૂલ તથા અન્ય વિભાગોની કામગીરીના અતિરિક્ત બોજાને કારણે પંચાયતની મૂળભૂત કામગીરી પ્રભાવિત થઈ રહી છે.

આ રજૂઆતોના પગલે જામનગર જિલ્લા સહિત સમગ્ર રાજ્યના તલાટી કમ મંત્રીઓ દ્વારા મહેસૂલ વિભાગના નમૂના ૧ થી ૧૮ સહિતની મહેસૂલી કામગીરી તથા પંચાયત અને ગ્રામ વિકાસ વિભાગ સિવાયના તમામ અન્ય વિભાગોની કામગીરી સદંતર બંધ કરવાનો આદેશ આપવામાં આવ્યો છે. જ્યાં સુધી નવો આદેશ ન મળે ત્યાં સુધી આ નિર્ણયનો ચુસ્તપણે અમલ કરવામાં આવશે.જામનગર જિલ્લા પંચાયતના તમામ તલાટીઓ મહેસૂલની કામગીરીનો બહિષ્કાર કર્યો છે.

# ભાણવડ પંથકમાં એક રાત્રિમાં બે ભયંકર મગરનું રેસ્કયુ ઓપરેશન પાર પડાયું



**સમય સંદેશઃ ભાણવડ**

ભાણવડ તાલુકાના વાનાવડ ગામના વાડી વિસ્તારમાં બુધવારે રાત્રિના સમયે આશરે છએક ફૂટ લાંબો એક મહાકાય મગર દેખાતા સમગ્ર પંથકમાં ભારે ફફડાટ ફેલાયો હતો. આ અંગે વાડી માલિકે તાત્કાલિક સ્થાનિક જીવદયા પ્રેમી સહદેવસિંહ જાડેજાને જાણ કરતા તેઓ તુરંત ઘટનાસ્થળે પહોંચ્યા હતા. અહીં રહેલો મગર પ્રમાણમાં મોટો હોવાથી તેમણે તાત્કાલિક ભાણવડના જાણીતા વાઇલ્ડ લાઇફ રેસ્ક્યુઅર અશોકભાઈ ભટ્ટનો સંપર્ક કર્યો હતો. જેથી અશોકભાઈ ભટ્ટ તેમની ટીમ અને ભાણવડ વન વિભાગની ટ્રેકર ટીમ સાથે વિના વિલંબે રાત્રિના સમયે જ ઘટનાસ્થળે દોડી ગયા હતા અને ભારે જહેમત બાદ આ છ ફૂટ લંબાઈના મગરને સુરક્ષિત રીતે રેસ્ક્યુ કરી બરડાના પ્રાકૃતિક આવાસમાં મુક્ત કરવા રવાના થયા હતા.

હજુ આ પ્રથમ મગરને કુદરતી આવાસમાં રિલીઝ કરવામાં આવે તે પહેલાં જ, મોડી રાત્રે પુનઃ આ જ ગામના અન્ય એક વાડી વિસ્તારમાંથી બીજા મગરની હાજરી અંગેનો કોલ અશોકભાઈ ભટ્ટને મળતા રેસ્કયુ ટીમ અને વન વિભાગના ટ્રેકર્સ ફરી એકવાર એ જ રાત્રે ઓપરેશનમાં જોડાયા હતા. આ બીજો મગર પહેલા કરતાં પણ વધુ મહાકાય હોવા છતાં, ટીમે નોંધપાત્ર સાહસ અને સૂઝબૂઝ દાખવીને તેને પણ મહામહેનતે સુરક્ષિત રીતે રેસ્ક્યુ હતો.

આમ, વન વિભાગ અને જીવદયા પ્રેમીઓની અદ્ભુત સતર્કતા અને વન્યજીવ પ્રત્યેની સંવેદનાને કારણે એક જ રાતમાં એક જ ગામમાંથી બે-બે મહાકાય મગરોનું સફળ રેસ્ક્યુ કરી, બંનેને બરડા ડુંગરના તેમના કુદરતી આવાસમાં હેમખેમ મુક્ત કરવામાં આવ્યા હતા, જેનાથી ગ્રામજનોએ મોટી રાહત અનુભવી હતી.

આ સમગ્ર દિલધડક રેસ્ક્યુ ઓપરેશનને સફળતાપૂર્વક પાર પાડવામાં વન વિભાગના ટ્રેકર લક્ષેશ વાણીયા તથા આબેદિન હિંગોરાની સાથે જાણીતા રેસ્ક્યુઅર અશોકભાઈ ભટ્ટ, વનવ વાનાવડના સહદેવસિંહ જાડેજા, દુદાભાઈ ભરવાડ, મેરામણ ભરવાડ, પરાગ પીઠિયા, કિશોરસિંહ જાડેજા, વિશાલ અને અક્ષયે ભારે જહેમત ઉઠાવી વન્યજીવ રક્ષાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડ્યું હતું.

# જામનગર જિલ્લામાં ઈન્સ્પેક્ટર ઓફ લેન્ડ રેકોર્ડ્સની નવી તાલુકા કક્ષાની ૭ કચેરીઓ નવા સરનામે કાર્યરત કરાઈ

**સમય સંદેશઃ જામનગર**

મહેસૂલ વિભાગના વહીવટી તંત્રને વધુ સુદ્રઢ, મજબૂત અને પ્રજાભિમુખ બનાવવાના હેતુથી જામનગર જિલ્લામાં જમીન દફતર ખાતાની કામગીરીનું તાલુકા કક્ષાએ વિકેન્દ્રીકરણ કરવામાં આવ્યું છે.

ગાંધીનગર સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામકશ્રીની કચેરી હેઠળ અગાઉ કાર્યરત જિલ્લા નિરીક્ષક જમીન દફતર, વર્ગ-૨ (ડી.આઈ.એલ. આર.), સિટી સર્વે સુપ્રિન્ટેન્ડેન્ટ અને હક્કચોકસી અધિકારી જેવી જગ્યાઓના નામાભિધાન સુધારીને હવે 'જમીન દફતર નિરીક્ષક, વર્ગ-૨' કરવામાં આવ્યા છે. નાગરિકોને જમીન દફતર સંબંધિત સેવાઓ માટે જિલ્લા મથક સુધી જવું ન પડે અને તેમના રહેઠાણની નજીક જ ત્વરિત સેવાઓ ઉપલબ્ધ થાય તે માટે જામનગર જિલ્લામાં ૭ નવી તાલુકા કક્ષાની કચેરીઓ નીચે દર્શાવેલા નવા સ્થળ અને સરનામે કાર્યરત કરવામાં આવી છે. જમીન દફતર નિરીક્ષક કચેરી જામનગર (શહેર), મોજણી ભવન, ગ્રાઉન્ડ ફ્લોર, જિલ્લા સેવાસદન, શરૂ સેકશન રોડ, જામનગર. જમીન દફતર નિરીક્ષક કચેરી જામનગર ગ્રામ્ય, સેવાસદન-૩, લાલ બંગલો કંપાઉન્ડ, પ્રથમ માળ, જામનગર. જમીન દફતર નિરીક્ષક કચેરી કાલાવડ, તાલુકા સેવા સદન, પ્રથમ માળ, ધોરાજી રોડ, કાલાવડ. જમીન દફતર નિરીક્ષક કચેરી ધ્રોલ, જૂનું કોર્ટ બિલ્ડિંગ, જોડિયા નાકા પાસે, જોડિયા રોડ, ધ્રોલ. જમીન દફતર નિરીક્ષક કચેરી જોડીયા, તાલુકા સેવા સદન, પ્રથમ માળ, જોડીયા. જમીન દફતર નિરીક્ષક કચેરી લાલપુર, જ્ઞાનદિપ વિદ્યામંદિર, પટેલ શેરી, જૂની શાક માર્કેટ રોડ, લાલપુર., જમીન દફતર નિરીક્ષક કચેરી જામજોધપુર, સ્ટેશન પ્લોટ, અંજુ ભગવાનદાસ પારવાણીનું મકાન, મામલતદાર કચેરી સામે, જામજોધપુર. નવી વ્યવસ્થા અમલી બનતા હવેથી જમીન દફતર ખાતાની તમામ વહીવટી કામગીરીઓમાં વેગ આવશે. અગાઉ નાગરિકોએ પ્રોપર્ટી કાર્ડ માટે સિટી સર્વે કચેરીએ અને જમીન માપણી માટે ડી.આઈ.એલ.આર. કચેરીએ અલગ-અલગ જવું પડતું હતું, તેના બદલે હવે તાલુકા કક્ષાની આ એક જ કચેરીમાંથી જમીન માપણી, પ્રોપર્ટી કાર્ડ, સ્વામિત્વ યોજના સહિતની તમામ સેવાઓ

અનુ પાના નં.૨ પર

# જામજોધપુરના ઈશ્વરીયા ગામે વિકાસ કામોમાં ગેરરીતિની ફરિયાદ

**સમય સંદેશઃ જામજોધપુર**

ઈશ્વરીયા ગામે ગોપરોડથી બડાયા વદરા દેવાયત જેસાની વાડી ના રસ્તામાં માટીનું કામ તેમજ ગોશાળા ઘરણોસર મનરેગા ના કામોમાં લાખો રૂપિયાનો ભ્રષ્ટાચાર થયાની ફરિયાદ ઉઠી છે. ગુણાવતા વિનાના આકામમાં સ્થળ તપાસણી કરી અરજદારને સાથે રાખી તપાસ કરવામાં આવે તો ચોક્કસ હકીકત બહાર આવે તેમજ ગામનો ગેટ બનાવવામાં કારોબારી મીટીંગમાં પાંચ લાખ કામની મંજૂરી આપી હોવા છતા ગેટ બનાવવા માં આવેલ નથી તેમજ સ્વભંડોળ ની ગ્રાન્ટોના ખોટા બીલો બનાવી પંચાયતના નાણાનો ઉપયોગ કરી ભ્રષ્ટાચાર કરેલ છે સ્વભંડોળ માંથી લાઈટ આચરયાની બુમ ઉઠી છે. તેમજ પાણી પુરવઠા ના ઘરદીઠ ૩૦૦ રૂપિયા લોકો આપે છે છતા પાણી છોડવાવાળા નો પગાર ગામ લોકો પાસેથી ઉઘરાવી આપવામાં આવે છે પેવર બ્લોક પર પાથરવા કામ સુઝુલામ સુફલામમાં પણ ગેરરતિ થયાનું ચચાઈ રહ્યું છે.

સુઝ લામ સુફલામ માં જે. સી.બી ભાડાના ખેડૂતોએ ઘરના રોકડા પૈસા આપેલ હોઈ ખેડુતો તેમના ખર્ચે માટીભરી ગયા છે છતાં,બિલ બહારના તાલુકાના તેમના સંબંધીને નામે ચેકમોકલી ચારેક લાખ જેટલો ભ્રષ્ટાચાર આચારવામાં આવ્યાની ફરિયાદ ઉઠી છે. મહેન્દ્ ભાઈ બેલા ગ્રામપંચાયત નો તમામ વહીવટ બિન અધિકૃત ચલાવી રહ્યા હોય આ અંગે પૂર્વ સરપંચ ગોવિંદભાઈ બડીયાવદર દવાર તાલુકા વિકાસ અધિકારીને લેખીત રજુઆત કરી જો યોગ્ય તપાસ નહી થાય તો ગાંધી ચીંધ્યા માર્ગે આંદોલન કરાશે તેવું જણાવેલ છે.

# ગોસાબારા આરડીએક્સ લેન્ડીંગ પ્રકરણમાં એક અપરાધીને જામીન આપતી સુપ્રિમ કોર્ટ

## ધારાશાસ્ત્રી વી.એચ. કનારા સહિતના વકિલો સર્વોચ્ચ અદાલતમાં થયા સફળ

**સમય સંદેશઃ જામનગર**

ચકચારી ગોસાબારા આરડીએક્સ લેન્ડીંગ કેસમાં એક આરોપીને જામીન સુપ્રીમ કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવ્યા છે, જામનગરના ધારાશાસ્ત્રી સહિતના વકીલો સર્વોચ્ચ અદાલતમાં સફળ થયા છે.

જામનગર સહિત દેશભરમાં ભારે ચકચારી બનેલા ગોસાબારા આરડીએક્સ લેન્ડીંગ કેસમાં લાંબા કાનુની જંગ બાદ થોડા સમય પહેલા સ્પેશીયલ કોર્ટ દ્વારા ચુકાદો આપવામાં આવ્યો હતો. દરમ્યાનમાં પોરબંદરના કંડોરણા ગામના લખમણ હરદાસભાઇ વશરાને અહીંની સ્પેશીયલ કોર્ટ દ્વારા પાંચ વર્ષની સજાનો હુકમ થયો હતો.

એ પછી લખમણ વશરા દ્વારા પોતાના વકીલો મારફત આશરે એકાદ માસ પહેલા સુપ્રીમ કોર્ટમાં જામીન અંગે અરજી આપવામાં આવી હતી, આ અરજી સર્વોચ્ચ અદાલતના ન્યાયમુર્તી સી.જે. સુંદરમની બેંચ સમક્ષ ચાલી જતા લખમણ વશરાના જામીન સુપ્રીમ કોર્ટ દ્વારા મંજુર કરવામાં આવ્યા છે. આરોપી તરફે એડવોકેટ દામા નાયડુ, અનુશ્રી કાપડીયા અને જામનગરના સિનીયર ધારાશાસ્ત્રી વી.એચ. કનારા રોકાયા હતા.

# કોર્ટની સજા પામેલ છેલ્લા દોઢ વર્ષથી નાસતા ફરાતા આરોપીને જોડિયા પોલીસે ઝડપી પાડયો




**સમય સંદેશઃ જામનગર**

જુનાગઢ ફેમિલી કોર્ટના સજા વોરંટના છેલ્લા દોઢ વર્ષથી ફરાર આરોપી જામનગર જિલ્લાની જોડિયા પોલીસે મોરબી જિલ્લા ખાતેથી પોલીસે પકડી પાડ્યો છે. જુનાગઢ ફેમિલી કોર્ટ દ્વારા આરોપીને ૩૧૫ દિવસની સાદી કેદની સજા ફટકાર્યા બાદ વોરંટના આરોપીને જોડીયા પોલીસે ટેક્નિકલ અને હ્યુમન સોર્સના આધારે પકડી પાડ્યો હતો. જુનાગઢની ફેમિલી કોર્ટ દ્વારા ભરણપોષણની રકમ ચૂકવવામાં નિષ્ફળ રહેતા સજા પામેલા અને છેલ્લા દોઢ વર્ષથી ફરાર આરોપીને જોડીયા પોલીસે મોરબી જિલ્લાના વીરપર ગામેથી ઝડપી પાડી જેલ હવાલે કર્યો છે.

જુનાગઢ ફેમિલી કોર્ટના ફોજદારી અરજી નં. ૪૬૭/૨૦૨૪માં જોડીયાના બારી શેરીના રહેવાસી ધર્મેશભાઈ ઉર્ફે પ્રદીપભાઈ ઉર્ફે પદુભાઈ ભીમાણી પટેલે ૨૧ મહિનાના ભરણપોષણની કુલ રૂ.૯૫,૫૦૦ની રકમ ચૂકવી ન હોવાથી કોર્ટે તેની સામે ૩૧૫ દિવસની સાદી કેદની સજા ફટકારી હતી. જોકે આરોપી છેલ્લા દોઢ વર્ષથી ફરાર હતો. જોડીયા પોલીસને ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સ મારફતે આરોપી હાલ મોરબી જિલ્લાના વીરપર ગામે આવેલી એક ખાનગી કંપનીમાં નોકરી કરતો હોવાની માહિતી મળતાં પોલીસ ટીમે ત્યાં દરોડો પાડી આરોપીને ઝડપી લીધો હતો. બાદમાં તેને જામનગર જિલ્લા જેલમાં મોકલી આપવામાં આવ્યો હતો.

# ફાયર સેફ્ટીના નિયમોનું ફરજિયાત પાલન કરવા મિલકતધારકોને સૂચના

**સમય સંદેશઃ જામનગર**

જામનગર મહાનગરપાલિકાના ફાયર એન્ડ ઇમરજન્સી સર્વિસીસ વિભાગ દ્વારા શહેરના રહેણાંક, વાણિજ્યિક, મિશ્ર ઉપયોગ, હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ, સભાખંડો તેમજ ''ધ ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ રૂલ્સ-૨૦૧૪'' ની અનુસૂચિ-૩ હેઠળ આવતી તમામ ઈમારતોના માલિકો અને કબજેદારોને જાહેર હિતમાં મહત્વપૂર્ણ સૂચના આપવામાં આવી છે.

જાહેર સૂચના મુજબ ''ધ ગુજરાત ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સ એક્ટ-૨૦૧૩'', નિયમો-૨૦૧૪ અને નિયમનો-૨૦૧૬ હેઠળ નિર્ધારિત તમામ જોગવાઈઓનું પાલન કરવું કાયદેસર રીતે ફરજિયાત છે. અનુસૂચિ-૩ હેઠળ આવતી તમામ ઈમારતો માટે ફાયર વિભાગ તરફથી ફાયર સેફ્ટી પ્લાન મંજૂરી (એફ.એસ.પી.એ.) તથા ફાયર સેફ્ટી પ્રમાણપત્ર (એફ.એસ. સી.એ.) મેળવવું ફરજિયાત છે. આ માટે મિલકતધારકો અને કબજેદારોએ ગુજરાત સરકારના અધિકૃત ઓનલાઈન પોર્ટલ પર અરજી કરીને જરૂરી મંજૂરી મેળવી પ્રમાણપત્રો મેળવવાના રહેશે. ફાયર સેફ્ટી કાયદાની કલમ-૧૮ મુજબ બિલ્ડિંગમાં જરૂરી અગ્નિ નિવારણ અને જીવન સુરક્ષાના તમામ સાધનો ઉપલબ્ધ કરાવવા, કલમ-૧૯ મુજબ તેની નિયમિત જાળવણી કરીને હંમેશાં કાર્યરત સ્થિતિમાં રાખવા તેમજ કલમ-૨૨ મુજબ અગ્નિ જોખમકારક પદાર્થો સંબંધિત સુરક્ષા નિયમોનું ચુસ્તપણે પાલન કરવું બિલ્ડિંગના માલિક અથવા કબજેદારની કાયદેસરની જવાબદારી છે. જો કોઈ ઈમારતમાં ફાયર સેફ્ટી સંબંધિત જોગવાઈઓનું પાલન કરવામાં બેદરકારી અથવા નિષ્ફળતા જણાશે તો સંબંધિત માલિક અથવા કબજેદાર સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને તેની તમામ દીવાની તેમજ ફોજદારી જવાબદારી સંબંધિત વ્યક્તિની પોતાની રહેશે. જામનગર મહાનગર પાલિકાએ શહેરના તમામ બિલ્ડિંગ માલિકો, સંસ્થાઓ અને વેપારીઓને ફાયર સેફ્ટીના નિયમોનું સમયસર પાલન કરી જરૂરી મંજૂરી અને પ્રમાણપત્રો મેળવી જનજીવનની સુરક્ષા સુનિશ્ચિત કરવા અપીલ કરી છે.

# જામનગર રાજપૂત સેવા સમાજ દ્વારા સમાજના યુવાનો માટે GPSC ફાઉન્ડેશન તાલીમ વર્ગનો પ્રારંભ કરાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના રાજપૂત સેવા સમાજ ભવન ખાતે સમાજના પ્રમુખ પી.એસ. જાડેજાના અધ્યક્ષ સ્થાને ૠ્રજ્ઞ્રજઈ ફાઉન્ડેશન તાલીમ વર્ગનું ભવ્ય ઉદઘાટન અને તાલીમાર્થીઓનો આવકાર કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે પૂર્વ મંત્રી ધર્મેન્દ્રસિંહ (હકુભા) જાડેજા, ઉપપ્રમુખ નવલસિંહ જાડેજા, સેક્રેટરી પી.પી. જાડેજા સહિતના અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટ્ય અને પ્રાર્થનાથી થઈ હતી, જેમાં હાજર રહેલા તમામ તાલીમાર્થી ભાઈ-બહેનોએ પોતાનો સ્વપરિચય આપ્યો હતો. પ્રાસંગિક પ્રવચનમાં પૂર્વ મંત્રી ધર્મેન્દ્રસિંહ જાડેજાએ તાલીમાર્થીઓને સફળતાની શુભેચ્છાઓ પાઠવી વર્ગો માટે દર મહિને આર્થિક સહયોગ આપવાની જાહેરાત કરી હતી, જ્યારે પ્રમુખ


તસવીરઃ હિરેન ગાંધી

પી.એસ. જાડેજાએ સમાજ તરફથી તમામ સુવિધાઓ પૂરી પાડવાની ખાતરી આપી હતી. કાર્યક્રમ દરમિયાન રાજ્ય મંત્રી રિવાબા જાડેજાએ ફોન દ્વારા શુભેચ્છાઓ પાઠવી સમાજ ભવનમાં પોતાની ગ્રાન્ટમાંથી અદ્યતન લાયબ્રેરી બનાવી આપવાની મહત્વની જાહેરાત કરી હતી. આ ઉપરાંત, સુનિલભાઈ માયાવંશીએ વિદ્યાર્થીઓને ૠ્રજ્ઞ્રજઈ પરીક્ષા અંગે વિગતવાર માર્ગદર્શન આપ્યું હતું.

આ તાલીમ વર્ગમાં જોડાનાર રાજપૂત સમાજના દીકરા-દીકરીઓ માટે છાત્રાલયમાં રહેવા તેમજ જમવાની સંપૂર્ણ નિઃશુલ્ક વ્યવસ્થા સમાજ દ્વારા કરવામાં આવી છે. આ સાથે દીકરીઓને તાલીમ સ્થળ સુધી સુરક્ષિત લાવવા-મૂકવા માટે ખાસ વાહન વ્યવસ્થા પણ ગોઠવવામાં આવી છે. આ સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન સેક્રેટરી પી.પી. જાડેજાએ કર્યું હતું અને અંતમાં દિલીપસિંહ ચુડાસમાએ આભાર વિધિ કરી તાલીમ વર્ગોનો વિધિવત પ્રારંભ કરાવ્યો હતો.

# ભારતીય જનતા પાર્ટી જામનગરમાં પ્રશિક્ષણ વર્ગ શરૂ

## વિચારધારા, સોશિયલ મીડિયા અને AI જેવા આધુનિક વિષયો પર અપાશે તાલીમ

**સમય સંદેશઃ જામનગર**

ભારતીય જનતા પાર્ટી જામનગર મહાનગર દ્વારા શહેરના ૧૬ વોર્ડના કાર્યકરોને વૈચારિક, રાજકીય અને સંગઠનાત્મક રીતે મજબૂત કરવા માટે એક વિશેષ પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરવામાં આવ્યું છે. ભાજપ મીડિયા સેલના કન્વીનર ભાર્ગવ ઠાકરની યાદી મુજબ, આ કાર્યશાળાના પ્રારંભ પ્રસંગે ધારાસભ્ય દિવ્યેશ અકબરી, શહેર મહામંત્રીઓ વિજયસિંહ જેઠવા, મૃગેશ દવે, ભાવેશ ઠુમ્મર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન ધીરેન મોનાણી અને શાસક પક્ષના નેતા અમર મોદી સહિતના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ વર્ગો ભાજપ સંગઠનની કરોડરજ્જુ સમાન છે, જે કાર્યકરોમાં શિસ્ત, રાષ્ટ્રભાવના અને પક્ષ પ્રત્યેની વફાદારી વધુ દ્રઢ બનાવે છે. આ પ્રશિક્ષણ વર્ગ દરમિયાન પક્ષના પાયાના સિદ્ધાંતો જેવા કે 'સાંસ્કૃતિક રાષ્ટ્રવાદ', 'એકાત્મ માનવવાદ' અને 'અંત્યોદય'ની સમજ આપવામાં આવશે. આ ઉપરાંત, બદલાતા સમય સાથે વિપક્ષના પ્રચારનો સામનો કરવા માટે સોશિયલ મીડિયા, આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (અંઈ), નમો એપ, સરલ એપ તેમજ બૂથ મેનેજમેન્ટ (મન કી બાત, ટિફિન બેઠક) જેવા આધુનિક અને મહત્વના વિષયોને પણ આવરી લેવામાં આવ્યા છે. આ કાર્યશાળામાં પક્ષના વક્તાઓ તરીકે હસમુખભાઈ હિંડોચા, ડો. વિમલભાઈ કગથરા, મનિષભાઈ કનખરા, અમીબેન પરીખ અને દયાબેન પરમાર સહિતના નિષ્ણાતો કાર્યકરોને ઊંડાણપૂર્વક માર્ગદર્શન આપશે.

''વ્યક્તિ નિર્માણથી સંગઠન નિર્માણ અને સંગઠન નિર્માણથી રાષ્ટ્ર નિર્માણ''ના મુખ્ય ધ્યેય સાથે યોજાયેલા આ કાર્યક્રમને સફળ બનાવવા માટે એક મજબૂત ટીમ તૈયાર કરવામાં આવી છે. જેમાં વર્ગ વાલી તરીકે વિજયસિંહ જેઠવા, ઇન્ચાર્જ નિશાંત અગારા તથા સહ-ઇન્ચાર્જ તરીકે વિજયભાઈ પરમાર અને વનિતાબેન કાલાવડીયા સહિતની ટીમ દ્વારા સમગ્ર કાર્યશાળાની વ્યવસ્થા સમિતિનું ગઠન કરી સુચારુ આયોજન કરવામાં આવ્યું છે. આ પ્રશિક્ષણ વર્ગ કાર્યકરોને માત્ર રાજકારણ જ નહીં, પરંતુ 'રાષ્ટ્ર પ્રથમ'ની ભાવના સાથે સામાજિક કાર્યો માટે હંમેશા સક્રિય રહેવાની પ્રેરણા પૂરી પાડશે.

# જામજોધપુર વિસ્તારમાં બારે મેઘ ખાંગાઃ ૮ ઈંચ ખરાવાડમાં તણાયેલા બે બાળકોનો બચાવ

## સ્થાનિક યુવાનોએ જીવના જોખમે બન્નેને ઉગાર્યાઃ ઘટના સીસીટીવી કેમેરામાં કેદ

**સમય સંદેશઃ જામજોધપુર**

જામજોધપુર તાલુકામાં ગુરૂવારે પડેલા ધોધમાર વરસાદના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાઈ ગયા હતા. બપોરે અંદાજે ૨ વાગ્યાથી સાંજે ૭:૦૦ વાગ્યા સુધી પડેલા આ ભારે વરસાદને કારણે ખરાવાડ વિસ્તારમાં પાણીનો જોરદાર પ્રવાહ વહેતો થયો હતો. આ દરમિયાન પાણીના ધસમસતા પ્રવાહમાં બે




બાળકો તણાઈ જતાં સ્થળ પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. જોકે, નજીકમાં હાજર રહેલા બે સ્થાનિક યુવાનોએ સમયસૂચકતા અને બહાદુરી દાખવી જીવના જોખમે પાણીમાં ઝંપલાવી બંને બાળકોને એક પછી એક સુરક્ષિત રીતે બહાર કાઢી લીધા હતા. સમયસર કરાયેલા બચાવ

અનુ પાના નં.૨ પર

# કાલાવડ-ધોરાજી હાઈવે પર પાણી ફરી વળતા માર્ગ બંધઃ તંત્રની કામગીરી સામે સવાલો ઉઠ્યા

**સમય સંદેશઃ કાલાવડ**

કાલાવડ-ધોરાજી હાઈવે પર પાણી ફરી વળતા માર્ગ બંધ, તંત્રની કામગીરી સામે સવાલો ઉઠ્યા, ટોડા નજીક ડ્રાઈવર્ઝન પર પાણી ભરાતા વાહન વ્યવહાર ઠપ્પ, લોકોની મુશ્કેલી વધતા સરકાર અને તંત્રને તાત્કાલિક ધ્યાન આપવા માંગ કાલાવડ તાલુકાના ટોડા નજીક કાલાવડ-ધોરાજી હાઈવે પર આવેલ ડ્રાઈવર્ઝન ઉપર વરસાદી પાણી ફરી વળતા વાહન વ્યવહાર ખોરવાયો



. ઉપરવાસમાં પડેલા વરસાદના કારણે પાણીનો પ્રવાહ વધતા ડ્રાઈવર્ઝન પાણીમાં ડૂબી ગયું હતું, જેના કારણે હાઈવે બંધ કરવાની સ્થિતિ સર્જાઈ છે. આ માર્ગ પરથી રોજિંદા અવરજવર કરતા ગ્રામજનો, વાહનચાલકો અને મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી રહી છે. વરસાદી સિઝનમાં વારંવાર સર્જાતી આવી પરિસ્થિતિને કારણે આ માર્ગની

અનુ પાના નં.૨ પર

# ચંદ્રમાં કુંડાળું દેખાયા પછી સારા વરસાદની ધરતી પુત્રોને આશા



**સમય સંદેશઃ જામનગર**

ગતરાત્રીના ચંદ્રમાં કુંડાળું થયું હતું, આ સાથે જ વરસાદનો દનો પ્રારંભ થયો હતો. આ કુંડાળાના આધારે સૌરાષ્ટ્રમાં આગામી સપ્તાહ દરમિયાન ૨થી ૫ ઈંચ વરસાદ થવાની સંભાવના ખેડૂતે વ્યક્ત કરી છે. વિશેષ મેઘમહેર જામનગર સહિત સૌરાષ્ટ્રમાં વાવણીલાયક વરસાદ, નદી નાળાં છલકાશે. ગતરાત્રીના બાર વાગ્યા બાદ ચંદ્રમાં કુંડાળુ થયું હતું. આ અંગે ખેડૂતે જણાવ્યું હતું કે ચંદ્રમાં ફરતે ત્રણ ચાર દિવસથી કસ રોજ જોવા મળતો હતો પરંતુ ચંદ્રમાં કુંડાળુ ગતરાત્રીના બારથી સવા વાગ્યા દરમિયાન થયું હતું. આ ઉપરાંત પવનની દિશા પણ બદલાઈ છે. આ બાબતોના આધારે યોગ છે નદી નાળામાં નવા નીર આવશે. વાવણીલાયક વરસાદ થવાનું હાલ આદ્રા નક્ષત્ર ગણાવ્યું છે. આ નક્ષત્રમાં વાવણી થાય તો ઉત્પાદન સારૂ થાય છે.

# જામનગર જિલ્લામાં મેઘરાજાની વરસી કૃપાદ્રષ્ટિઃ અડધોથી સાત ઈંચ વરસાદ


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેર અને જીલ્લામાં ગતરોજ વરસાદી માહોલ યથાવત રહ્યો પણ નોંધપાત્ર કહી શકાય તેવી મેઘમહેર માત્ર બે તાલુકાઓ જામજોધપુર અને કાલાવડમાં જ જોવા મળી. આ બન્ને શહેર ઉપરાંત આસપાસના ગ્રામીણ વિસ્તારો પાણી પાણી થઈ ગયા.

ગઈકાલે સવારે ૬ કલાકે પૂર્ણ થતા ચોવીસ કલાક દરમિયાન તાલુકા મથકના વરસાદના આંકડાઓ જોડીયામાં ૧ ઈંચ, કાલાવડમાં અડધો ઈંચ, લાલપુરમાં પોણો ઈંચ તો જામજોધપુરમાં ૭ ઈંચ વરસાદ નોંધાયો છે.

તો ગ્રામીણ વિસ્તારોના પી.એચ.સી. સેન્ટરોમાં નોંધાયેલ આંકડાઓ પર નજર કરવામાં આવે તો કાલાવડના નવાગામમાં ચાર ઈંચ, મોટા પાંચદેવડામાં એક ઈંચ જામજોધપુર તાલુકાના સમાણા અને શેઠવડાળામાં ત્રણ ઈંચ, જામવાડીમાં ચાર ઈંચ, વાંસજાળિયામાં સાડા ચાર ઈંચ, ધુનડામાં સવા ઈંચ, ધ્રાફા અને પરડવામાં પોણા ચાર ઈંચ વરસાદ નોંધાયાનું સામે આવ્યું છે.

# જામનગર પંથકમાં બે સ્થળે જુગારના દરોડા દરમિયાન ૯ જુગારિયા પકડાયા

**સમય સંદેશઃ જામનગર**

પંચકોષી બી ડિવિઝન પોલીસે બાતમીના આધારે જામનગર શહેર નજીકના દરેડ ગામે રાંદલ માતાજીના મંદિરની પાછળ સ્ટ્રીટલાઇટના અજવાળે જાહેરમાં તિનપત્તીનો જુગાર રમી રહેલાં આઝાદહુશેન મોન્ટુરાય (ઉ.વ.૨૭, રહે.દરેડ જી.આઈ.ડી.સી ફેસ-૨ પ્લોટ નં-૪૮ જી.જામનગર મુળ રહે.રતવા ગામ જી.માલદા રાજ્ય.પશ્ચીમ બંગાળ), મહમફ શકીલ શેખસહિદ શેખ (ઉ.વ.૪૨, રહે.દરેડ ગામ ૭૨ ખોલી જામનગર), અલીઅખ્તર અનવારૂલહક્ક શેખ (ઉ.વ.૨૮, રહે.દરેડ ગામ પ્લોટ નં-૫/૨૪ ક્રિષ્ના પાર્ક સોસાયટી તા.જી.જામનગર), દીપકકુમાર રાજકુમાર રાય (ઉ.વ.૩૨, રહે.દરેડ ગામ રાંદલમાતાજીના મંદીરની પાછળ પ્લોટ નં-૧૬૫/૩ જામનગર) નામના ચાર શખ્સોને ઝડપી લીધા હતાં. પોલીસે તમામ શખ્સો પાસેથી રૂા.૧૦,૪૦૦ ની રોકડ, રૂા.૧૮,૦૦૦ ની કિંમતના ચાર મોબાઇલ ફોન, રૂા.૧,૦૫,૦૦૦ ની કિંમતના ત્રણ મોટરસાઇકલ સહિત કુલ રૂા.૧,૩૩,૪૦૦ ની કિંમતનો મુદ્દામાલ કબ્જે કરી ધોરણસની કાર્યવાહી હાથ ધરી છે.

જ્યારે બીજા દરોડોમાં સિટી એ ડિવિઝન પોલીસે શહેરના કિશાનચોક વિસ્તારમાં જાહેરમાં ઘોડીપાસાનો જુગાર રમી રહેલાં કલ્પેશ બાલમુકુંદભાઇ પંડયા (ઉ.વ.૪૦, રહે.કીશાન ચોક રોડ,દ્વારકાપુરી મંદીરની અંદરની ગલીમા, જામનગર), સચીન અમૃતલાલ લખીયર (ઉ.વ.૪૧, રહે.કીશાન ચોક રોડ,દ્વારકાપુરી મંદીરની અંદરની ગલીમા, જામનગર), રવજીભાઇ નારણભાઇ વાઘોણા (ઉ.વ.૪૪, રહે.શંકરટેકરી સુભાષપરા શેરી નં.૦૨ જામનગર), રાજેશભાઇ

અનુ પાના નં.૨ પર

# સલાયામાં ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલાયોઃ આરોપીને ચોરીના સાધનો સાથે ઝડપી લીધો



**સમય સંદેશઃ સલાયા**

સલાયા મરીન પોલીસે પાંચ દિવસ પહેલા થયેલી બે ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી નાખ્યો છે. પોલીસે આરોપી રશીદ સુલેમાન ચમડીયા (રહે, સલાયા) ને મુદ્દામાલ અને ચોરીમાં ઉપયોગમાં લેવાયેલા હથિયારો સાથે ઝડપી પાડ્યો છે.પાંચ દિવસ અગાઉ મોહર્રમની રાત્રે સલાયાના ડિવિ નગર વિસ્તારમાં બે ઘરોમાં તાળા તોડી રોકડ અને દાગીનાની ચોરી થઈ હતી, જે અંગે ફરિયાદ નોંધાઈ હતી. આ ફરિયાદના આધારે સલાયા મરીન પોલીસે સીસીટીવી ફૂટેજ અને હ્યુમન સોર્સિસ દ્વારા તપાસ શરૂ કરી હતી.તપાસ દરમિયાન પોલીસને ખાનગી રાહે માહિતી મળી હતી કે ચોરી કરનાર શંકાસ્પદ આરોપી રાત્રિના સમયે પોતાના ઘરે આવવાનો છે અને ચોરીનો માલ સગેવગે કરવાનો છે.

આ માહિતીના આધારે પોલીસે વોચ ગોઠવી રાત્રિ પેટ્રોલિંગ દરમિયાન આરોપી રશીદ સુલેમાન ચમડીયાને પકડી પાડ્યો હતો.પૂછપરછ કરતા આરોપીએ ચોરી કરેલો માલ કાઢી આપ્યો હતો. વધુ તપાસ કરતા ચોરી કરવા માટે ઉપયોગમાં લેવાયેલા લોખંડની કોસ, ડ્રીલ,

અનુ પાના નં.૨ પર

# જામનગરમાં વૃધ્ધાને ભોળવી દાગીના ઉસેડી જનાર રિક્ષાચાલક ઝડપાયો


તસવીરઃ હિરેન ગાંધી

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરના પટેલ કોલોની નહેનગરમાં રહેતા વિણાબેન દિલીપકુમાર ભરવાડા (ઉં.વ. ૭૪) થોડા દિવસ અગાઉ પોતાના ઘરની બહાર બેઠા હતા ત્યારે જાફર રિક્ષાચાલક અને તેના બે સાગરિતો ઘસી ગયા અને વૃદ્ધાનું વિધવા સહાયનું જૂનું ખાતું બંધ થઈ ગયું હોવાનું કહી નવું ખાતું ખોલાવવા માટે ચેક આપવાનું અને ફોટો લેવાનું બહાનું બતાવી. વાતોમાં ભોળવી ફરિયાદીની જાણ બહાર એક આરોપીએ ઘરમાં પ્રવેશ કરી કબાટમાં પ્લાસ્ટિકના ડબ્બામાં રાખેલા સોનાના દાગીનાની ચોરીને અંજામ આપ્યો હતો.

જે મામલે જામનગર સિટી 'બી' ડિવિઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાયા બાદ પોલીસે ગુનાની તપાસમા સીસીટીવી ફૂટેજ, ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીના આધારે આરોપી જાફર સિદ્દીકભાઈ જુણેજા

અનુ પાના નં.૨ પર

# જામનગરના પત્રકારને ગુરૂદ્વારા નજીક હિટ એન્ડ રનના બનાવમાં ફ્રેક્ચર સહિતની ઈજા

**સમય સંદેશઃ જામનગર**

જામનગર શહેરમાં હિટ એન્ડ રનનો વધુ એક બનાવ સામે આવ્યો છે. આ બનાવમાં જામનગરના પત્રકાર સંજયભાઈ ઈશ્વરલાલ જાની (રહે. ગુરુદ્વારા નજીક, સેન્ટર પોઈન્ટ બિલ્ડિંગ પાછળ, બારાઈ ટેનામેન્ટ નં. ૮, જામનગર)ને ટુ-વ્હીલર ચાલકે બેદરકારીપૂર્વક વાહન ચલાવી ગંભીર ઇજા પહોંચાડતાં પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

ફરિયાદ મુજબ, તા. ૧૧/૦૧/૨૦૨૬ના રોજ બપોરના સમયે સંજયભાઈ જાની પોતાના ઘરેથી ચાલીને ગુરુદ્વારા ચોકડી ખાતે નવા ઓવરબ્રિજ નીચે રોડ ક્રોસ કરી રહ્યા હતા. તે દરમિયાન સીટી બી. ડિવિઝન પોલીસ સ્ટેશન તરફથી લાલબંગલા તરફ રોંગ સાઈડમાં જઈ રહેલા એક ટુ-વ્હીલર ચાલકે પુરઝડપે, બેદરકારી અને ગફલતભરી રીતે વાહન ચલાવી તેમને પાછળથી ટક્કર મારી હતી. અકસ્માતના કારણે તેઓ રોડ પર પટકાતાં ડાબા હાથની કોણી પાસે ફ્રેક્ચર સહિત માથાના ભાગે ઇજા પહોંચી હતી. અકસ્માત સર્જ્યા બાદ ટુ-વ્હીલર ચાલક સ્થળ પરથી ફરાર થઈ ગયો હતો.

ફરિયાદીના જણાવ્યા મુજબ અકસ્માત સર્જનાર વાહનનો નંબર જીજે-૧૦-ડી.એલ. - ૯૪૨૪ છે. ઇજાગ્રસ્ત સંજયભાઈ જાનીને પ્રથમ સારવાર માટે ડો. એ.ડી.રૂપારેલીયાની ખાનગી ન્યુરો હોસ્પિટલમાં અને ત્યારબાદ વાલકેશ્વરી નગરી માં




આવેલી ડો. દિનકર સાવરિયાની હીમ હોસ્પિટલમાં અને ત્યાંથી વધુ સારવાર માટે ડો.મહેશ દુધાગરા ની અવધ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં તબીબોએ ડાબા હાથની કોણી અને અંગુઠા પાસે બે ફ્રેક્ચર હોવાનું નિદાન કરી પ્લાસ્ટર બાંધી સારવાર આપી હતી. ફરિયાદીએ પોતાની ડાયાબિટીસની તકલીફ તથા અગાઉ બે વખત બ્રેઇન સ્ટ્રોક આવી ચૂક્યા હોવાથી તાત્કાલિક પોલીસ સ્ટેશન આવી ફરિયાદ નોંધાવી શક્યા ન હોવાનું જણાવતાં સારવાર બાદ ફરિયાદ નોંધાવી હતી.

આ બનાવ અંગે પોલીસે આરોપી વાહનચાલક સામે ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ની કલમ ૨૮૧, ૧૨૫(એ), ૧૨૫(બી) તેમજ મોટર વાહન અધિનિયમની કલમ ૧૭૭, ૧૮૪ અને ૧૩૪ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. સીટી સીટી બી. ડિવિઝનના પી.આઈ. એન.એમ. ગઢવી અને પો.એસ.આઈ. ડી.જી.રાજના માર્ગદર્શન હેઠળ એ.એસ.આઈ. પંકજ વાઘેલા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

# જોડિયાના ટીબડી ગામે વીજ કરંટ લાગ માતા-પુત્રના મોત

**સમય સંદેશઃ જોડિયા**

જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના ટીંબડી ગામમાં રહેતા અને ખેતમજૂરી કામ સાથે જોડાયેલા ગીતાબેન લાલસીંગ નાયક (ઉ.વ.૨૨) નામની મહિલા નીંદણ કરી રહ્યા હતા અને આ સમય રાજેશ ખેતરના શેઢે રમી રહ્યો હતો. રમતા-રમતા અચાનક માસૂમ બાળકને વીજ કરંટ લાગ્યો હતો. દીકરાને બચાવવા ગીતાબેને દોટ મૂકી હતી. જેના કરંતમાં ગીતાબેન પણ આવી જતા આસપાસના લોકો તાત્કાલિક દોડી આવ્યા હતા માતા-પુત્ર બંનેને તાબડતોબ સારવાર અર્થે ધ્રોલ સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. જો કે, હોસ્પિટલના ફરજ પરના તબીબોએ તપાસીને બંનેને મૃત જાહેર કર્યા હતા. આ કરૂણ દુર્ઘટનાને પરિણામે શ્રમિક પરિવારમાં શોકનો માહોલ છવાયો હતો. આ ઘટનાની જાણ થતા જોડિયા પોલીસ સૌપ્રથમ ઘટનાસ્થળે અને ત્યારબાદ ધ્રોલ હોસ્પિટલે પહોંચી ગઈ હતી અને મૃતદેહનો કબ્જો સંભાળી પીએમ અર્થે ખસેડી સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી હતી.

# જામજોધપુરના લાલવાડ નેસ ખાતેથી પ્રેમ પ્રકરણના મામલે યુવાનનું અપહરણ

**સમય સંદેશઃ જામજોધપુર**

મૂળ રાજકોટ જિલ્લાના ઉપલેટા તાલુકાના ડુમીયાણી ગામના રહેવાસી અને હાલ જામજોધપુર તાલુકાના સતાપર ગામ નજીક લાલવાડા નેશ ખાતે રહેતા ૨૪ વર્ષીય રાજુભાઈ પાંચાભાઈ મોરી (રબારી)એ ડુમીયાની ગામના આરોપી હીરાભાઈ ભીખાભાઈ ભારાઈ, ભુપતભાઈ રામાભાઈ ભારાઈ, મુન્નાભાઈ રામાભાઈ ભારાઈ, ઓઘડભાઈ બાલુભાઈ ઉર્ફે રાણાભાઇ ભારાઈ, બટુકભાઈ બાલુભાઈ ઉર્ફે રાણાભાઈ ભારાઇ, ધાનાભાઈ બાલુભાઈ ઉર્ફે રાણાભાઈ ભારાઈ, દીપકભાઈ ધાનાભાઇ ભારાઈ, પેથાભાઈ મકવાણા રબારી, બાબુભાઈ લખમણભાઈ ભારાઇ, વિશાલભાઈ પોલાભાઈ ઉર્ફે કારાભાઈ ભારાઈ, અને ઢાંકના જયેશભાઈ મોરી સામે નોંધાવેલી ફરિયાદ અનુસાર આશરે ૨૦ દિવસ પહેલાં ફરિયાદીના મોટા ભાઈ નારણભાઈ ડુમીયાણી ગામના એક આરોપીના પરિવારની યુવતીને ભગાડી ગયા હતા. આ ઘટનાનો મનદુઃખ રાખીને યુવતીના પરિવારજનો તથા અન્ય શખ્સો ફરિયાદીના રહેઠાણ મકાને પહોંચ્યા હતા.

ગત તા. ૨ જુલાઈના રોજ બપોરે આશરે ૧૨:૩૦ વાગ્યે રાજુભાઈ લાલવાડા નેશ ખાતે બાપા સીતારામની મઢુલી પાસે ઊભા હતા ત્યારે સફેદ રંગની અશોક લેલેન્ડ ગાડી ત્યાં આવી હતી. ગાડીમાંથી ઉતરેલા શખ્સોએ રાજુભાઈને તેમના ભાઈ દ્વારા યુવતીને ભગાડી જવાની બાબતે પૂછપરછ કરી હતી. રાજુભાઈએ યુવતી ક્યાં છે તેની જાણ ન હોવાનું જણાવતાં આરોપીઓએ તેમને બળજબરીપૂર્વક ગાડીમાં બેસાડી અપહરણ કર્યું હોવાનું ફરિયાદમાં જણાવ્યું છે.

ફરિયાદીને ઉંચા અવાજે કહ્યું કે તારો ભાઈ અમારી દીકરીને ઉપાડી ગયો છે તારે અમને છોકરી સોપાવી પડશે. તેમ કહેતા ફરિયાદીએ કહ્યું કે મારો ભાઈ નારણ હાલ ક્યાં છે તેની મને ખબર નથી તેમ કેહતા આ આરોપીઓએ એકદમ ઉશ્કેરાઇ ગયા હતા. ત્યાં ફરિયાદીની નજીક ઊભેલા તેના ભાઇ વીજય તથા કુટુંબી કીશાભાઇ બન્ને ત્યાંથી ભાગી ગયા અને આરોપીઓએ ફરિયાદીને પકડી પાડ્યો અને બળજબરીથી તેને ગાડીમાં બેસાડી લાલવાડા નેશથી ઉદેપુર ગામ વાળા રસ્તેથી ગાડી ચલાવી અને રસ્તામાં આ બધા આરોપીઓએ ફરિયાદીને કહેવા લાગ્યા કે તારો ભાઇ અમારી

અનુ પાના નં.૨ પર

# જામનગરના નાઘેડી ગામેથી કાર-બાઈકમાંથી દારૂ પકડાયો

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના નાઘેડી ગામની શિવાલિક સોસાયટીમાં દરોડો પાડ્યો હતો. જ્યાં તપાસ દરમિયાન આરોપીના રહેણાંક મકાન તેમજ તેના કબજાની બે કાર અને એક એક્સેસ મોટરસાયકલમાંથી દારૂની ૨૨ બોટલો અને ૧૭૬ ચપટા મળી આવ્યા હતા.

પોલીસે સ્થળ પરથી રૂ.૬૮,૬૦૦ની કિંમતની દારૂની બોટલો, રૂ.૨૪,૬૪૦ની કિંમતના ચપટા, રૂ.૧૦ હજારનો મોબાઈલ, રૂ.૪.૫૦ લાખની કિંમતની બે કાર અને રૂ.૮૦ હજારની મોટરસાયકલ મળી કુલ રૂ.૬,૩૩,૨૪૦નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ કેસમાં નાઘેડી ગામના શિવાલિક સોસાયટીમાં રહેતા આરોપી કિશન ભરતભાઈ મસુરા (ઉ.વ.૨૮)ની અટકાયત



તસવીરઃ હિરેન ગાંધી

કરવામાં આવી છે. જ્યારે રામ ઉર્ફે રામકો જીવાભાઈ મોઢવાડિયાની સંડોવણી સામે આવતા તને ફરાર જાહેર કરી તેની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# જામનગરના મંગલધામ સોસાયટીમાં તરૂણીનો અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઇ આપઘાત

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના મારૂ કંસારા હોલ પાછળ રહેતી જાનવીબેન ગંઢા (ઉ.વ.૧૭) નામની તરૂણીએ પોતાના ઘરે રૂમમાં પંખામાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ પોતાનું જીવતર ટુંકાવી લીધુ હતું.

આ બનાવ અંગે તરૂણીના પિતા દિનેશભાઇ ગંઢાએ પોલીસને જાણ કરતાં સિટી એના એએસઆઇ આર.એ.જાડેજા સહિતનો પોલીસ સ્ટાફ ઘટના સ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં એવું જાણવા મળ્યું હતું કે જાનવીને છેલ્લા બે દિવસથી તાવ આવતો હતો અને આજે તેણીની કોલેજનું રિઝલ્ટ આવેલ હોય તેણીએ કોઇ અગમ્ય કારણોસર આ પગલું ભરી લીધું હતું.

# બિમારીથી કંટાળી જામનગરના યુવાનનો ગળેફાંસો ખાઈ આપઘાત

**સમય સંદેશઃ જામનગર**

જામનગરના ધનબાયના ડેલા પાસે રહેતાં અને પ્રિન્ટીંગ કામ કરતાં સંજયભાઇ સોલંકી નામના યુવાન છેલ્લા દોઢેક વર્ષથી બીપી તેમજ કોલેસ્ટ્રેરોલની બિમારીથી પીડાતો હતો. દરમિયાન ગત્તા.૨૯-૬-૨૦૨૬ ના રોજ યુવાને આ બિમારીથી કંટાળી પોતાના ઘરે રૂમની છત પર લગાવેલ હીંચકાના હૂંકમાં ચાદર બાંધી ગળેફાંસો ખાઇ આપઘાત કરી લીધો હતો. આ બનાવ અંગે શહેરના રાજપાર્ક વિસ્તારમાં રહેતાં મૃત્તકના સંબંધી જયદીપભાઇ સોલંકીએ પોલીસને જાણ કરતાં સિટી એ ડિવિઝન પોલીસ મથકના હેડ કોન્સ્ટેબલ આર.એ.જાડેજા સહિતનો સ્ટાફ ઘટના સ્થળે પહોંચ્યો હતો. પોલીસે મૃત્તદેહનો કબ્જો સંભાળી પીએમ સહિતની કાર્યવાહી કરાવી આ બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી છે.

PRINTER / PUBLISHER / OWNED BY RATHOD ASHOK LALJI * PRINTED AT TIRTH PRINTING PRESS, PLOT NO. H-1112, UDHYOG, GIDC, B/H.GANPATI MANDIR, LALPUR CHOKDI, JAMNAGAR, DIST.: JAMNAGAR, GUJARAT. * PUBLISHED AT SADHNA COLONY, GATE NO.1, OPP. JALARAM MANDIR, PLOT NO.3, NEAR L-4, RANJITSAGAR ROAD, JAMNAGAR-361005.
EDITOR : RATHOD ASHOK LALJI * Mo.No:8866066060 E-MAIL :samaysandeshnewstv@gmail.com